ગરવી ગુજરાત

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 192
Dt.: 25-03-2026,
Wednesday
Page : 04
Rs.00.50 paisa

રાજ્યસભામાં PM મોદીનું સંબોધન

મિડલ ઈસ્ટ યુદ્ધ લાંબુ ખેંચાયું તો ગંભીર દુષ્પરિણામ આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પીએમ મોદીએ જણાવ્યું હતું કે, જો આ યુદ્ધ ચાલુ રહેશે, તો તેના ગંભીર પરિણામો આવશે. તેમણે કહ્યું કે, ભારત દરેક ક્ષેત્રમાં એવો પ્રયાસ કરી રહ્યું છે કે કોઈપણ ક્ષેત્રમાં અન્ય દેશો પર વધુ પડતી નિર્ભરતા ન રહે. વડાપ્રધાને શિપ બિલ્ડિંગથી લઈને રેર અર્થ મિનરલ્સ (દુર્લભ ખનિજો) સુધી, આત્મનિર્ભરતાના પ્રયાસો ગણાવ્યા અને કહ્યું કે આ સંકટે દુનિયાને હચમચાવી દીધી છે. આમાંથી બહાર આવવામાં પણ વિશ્વને ઘણો સમય લાગશે. સરકાર પળેપળ બદલાતી પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે.

PM મોદીએ કહ્યું છે કે, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને ત્રણ સપ્તાહનો સમય થઈ ગયો છે. જેના કારણે વિશ્વમાં ગંભીર ઉર્જા સંકટ ઊભું થયું છે. જેની અસર ભારત પર પણ પડી રહી છે. આ યુદ્ધના કારણે ભારતના વેપારના રસ્તા પ્રભાવિત થઈ રહ્યા છે. ગલ્ફ દેશોમાં એક કરોડથી વધુ ભારતીયો વસે છે, તેથી તેમની સુરક્ષા પણ ભારત માટે ચિંતાનો વિષય છે. મેં પશ્ચિમ એશિયાના મોટા ભાગના દેશોના વડાઓ સાથે બે વખત વાતચીત કરી છે. આવી મુશ્કેલ પરિસ્થિતિમાં પ્રભાવિત પરિવારોને મદદ આપવામાં આવી રહી છે. ત્યાંનાં તમામ દેશોએ ભારતીયોની સુરક્ષાનું આશ્વાસન આપ્યું છે. જોકે કેટલાક ભારતીયોનું દુઃખદ નિધન થયું છે, તેમની મદદ માટે સતત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

ભારતમાં મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલ અને ગેસ હોર્મુઝ સ્ટ્રેટના રસ્તે આયાત કરવામાં આવે છે. યુદ્ધ બાદથી જ હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજોની અવરજવર પડકારજનક થઈ ગઈ છે. LPGનું પ્રોડક્શન ભારતમાં જ થાય તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. પેટ્રોલ અને ડીઝલની સપ્લાય પણ જળવાઈ રહે તેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ભારત પાસે આજે પ૩ લાખ મેટ્રિક ટનનું પેટ્રોલિયમ ભંડાર રિઝર્વ છે.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, યુદ્ધની શરૂઆત બાદ મેં પશ્ચિમ એશિયાના દેશોના વડા સાથે બે વખત વાતચીત કરી છે. અમે ઈરાન, ઈઝરાયલ અને અમેરિકા સાથે પણ સતત સંપર્કમાં છીએ. અમે હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા અંગે પણ વાતચીત કરી છે. કોમર્શિયા જહાજો પર હુમલા અને હોર્મુઝ સ્ટ્રેટમાં અડચણ અસ્વીકાર્ય છે. ભારતે નાગરિકો તથા સિવિલ ઈન્સફ્રાસ્ટ્રક્ચર પર હુમલાનો વિરોધ કર્યો છે. ભારત ડિપ્લોમેસીના માધ્યમથી યુદ્ધના આ માહોલમાં જહાજોની અવરજવર માટે સતત પ્રયાસ કરી રહ્યું છે.

આ સંકટ આપણી મોટી પરીક્ષા લેશે અને આ પરીક્ષામાં રાજ્યોનો સહકાર મળે તે આવશ્યક છે. સંકટના સમયમાં ગરીબ અને શ્રમિકો પર અસર પડે છે. તેથી તેમને અનાજ મળતું રહે તે સુનિશ્ચિત કરવું જોઈએ. રાજ્ય સરકારોએ આવા સમયમાં સંગ્રહખોરી કરનારાઓ સામે કાર્યવાહી કરવી જોઈએ. જરૂરી ચીજ વસ્તુઓની સપ્લાય ચાલતી રહે તે સુનિશ્ચિત કરવું જોઈએ. હું તમામ રાજ્ય સરકારોને અનુરોધ કરવા માંગુ છું કે સંકટ ભલે ગમે તેટલું મોટું હોય, ભારતની અર્થવ્યવસ્થા તેજીથી આગળ વધે તે માટે સતત પ્રયાસ કરવા પડશે. કોરોના સંકટ સમયે કેન્દ્ર અને રાજ્યોએ ટીમ ઈન્ડિયા બનીને સારું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આપણે તે જ ભાવના સાથે આગળ પણ કામ કરવાનું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોના પ્રયાસોથી દેશ આ ગંભીર વૈશ્વિક સંકટનો સામનો કરશે.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, દુનિયાના અનેક દેશોથી ક્રૂડ ઓઈલ અને LPGના જહાજ ભારત પહોંચી રહ્યા છે. જો યુદ્ધની પરિસ્થિતિ લાંબા સમય સુધી રહે તો ગંભીર દુષ્પરિણામ નક્કી છે. જે માટે ભારતે તૈયારી શરૂ કરી છે. ભારતનો ૯૦ ટકા વેપાર વિદેશી જહાજો પર થાય છે, જેથી ભારતે હવે મેડ ઈન ઈન્ડિયા જહાજો બનાવવા માટે ૭૦ હજાર કરોડ રૂપિયાનું અભિયાન શરૂ કર્યું છે. આ સિવાય ભારતના મોટા ભાગના હથિયાર પણ દેશમાં જ બનાવવામાં આવી રહ્યા છે. વર્તમાન સંકટના કારણે વૈશ્વિક અર્થવ્યવસ્થાને મોટું નુકસાન થયું છે.

આ સંકટ અલગ પ્રકારનું છે તેથી આપણે ધૈર્ય સાથે શાંત મને દરેક સંકટનો સામનો કરવાનો છે. યુદ્ધમાં પળેપળ પરિસ્થિતિ બદલાઈ રહી છે. હું દેશવાસીઓને અપીલ કરું છું કે આપણે દરેક સંકટથી લડવા તૈયાર રહેવું પડશે.

સુપ્રીમ કોર્ટ, ૨૩ વર્ષની લડતનો અંત!

સૈન્યમાં મહિલા અધિકારીઓ કાયમી કમિશનની હકદાર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સશસ્ત્ર દળોમાં લિંગ સમાનતાને મજબૂત કરતા એક સીમાચિહ્નરૂપ ચુકાદામાં, સુપ્રીમ કોર્ટે મંગળવારે ઠેરવ્યું છે કે શોર્ટ સર્વિસ કમિશન (SSC) ના મહિલા અધિકારીઓ પરમેનન્ટ કમિશન (PC) મેળવવા માટે હકદાર છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે બંધારણની કલમ ૧૪૨ હેઠળ પોતાની અસાધારણ સત્તાનો ઉપયોગ કરીને આ ચુકાદો આપ્યો છે. કોર્ટે અવલોકન કર્યું કે, અત્યાર સુધી મહિલા અધિકારીઓ પ્રત્યે પ્રણાલીગત પૂર્વગ્રહ રાખવામાં આવ્યો હતો. કોર્ટે કહ્યું કે, મહિલા અધિકારીઓને ક્ષતિગ્રસ્ત અને ભેદભાવભર્યા મૂલ્યાંકન માળખાનો ભોગ બનવું પડ્યું હતું. વર્ષે માત્ર ૨૫૦ મહિલા અધિકારીઓને જ પરમેનન્ટ કમિશન આપવાની મર્યાદા મનસ્વી છે અને તેને યોગ્ય માની શકાય નહીં. મહિલાઓના એન્યુઅલ કોન્ફિડેન્શિયલ રિપોર્ટ્સ (ACRs) અત્યંત બેદરકારીથી તૈયાર કરવામાં આવ્યા હતા, કારણ કે એવું માની લેવામાં આવ્યું હતું કે તેઓ ક્યારેય PC માટે પાત્ર બનશે જ નહીં. સુપ્રીમ કોર્ટે નોંધ્યું કે, "પુરુષ SSCOs એવી અપેક્ષા ન રાખી શકે કે પરમેનન્ટ કમિશન માત્ર પુરુષો માટે જ રહેશે. મહિલાઓને નકારવામાં આવેલો આ હક ભેદભાવનું પરિણામ હતું."

ભારતીય સેના: જે મહિલા અધિકારીઓ પરમેનન્ટ કમિશન માટે હકદાર હતી, તેઓએ ૨૦ વર્ષની ક્વોલિફાઇંગ સેવા પૂર્ણ કરી હોવાનું માનવામાં આવશે. તેઓ પેન્શન અને તમામ આનુષંગિક લાભો માટે પાત્ર ગણાશે. જોકે, આ આદેશ JAG અને AEC કેડરના અધિકારીઓને લાગુ પડશે નહીં.

ભારતીય નૌકાદળ: ૨૦૦૯ પછી ભરતી થયેલી તમામ મહિલા અધિકારીઓ પરમેનન્ટ કમિશન માટે હકદાર ગણાશે. મેડિકલ ફિટનેસને આધીન રહીને તેમને આ લાભ મળશે. કોર્ટે નૌકાદળની પસંદગી પ્રક્રિયામાં પારદર્શિતાના અભાવ અંગે પણ ટિપ્પણી કરી હતી.

ભારતીય વાયુસેના: કોર્ટે સ્વીકાર્યું કે જેમને કરિયર ડેવલપમેન્ટની સમાન તક નથી મળી, તેમને સેવાની લંબાઈના આધારે PC નકારી શકાય નહીં. જોકે, ઓપરેશનલ અસરકારકતાને ધ્યાનમાં રાખીને ફરીથી નિમણૂક આપવાને બદલે તેમને પેન્શન અને અન્ય આર્થિક લાભો આપવા પર ભાર મૂક્યો છે.

ભવિષ્ય માટે નવી દિશા: સુપ્રીમ કોર્ટે સશસ્ત્ર દળોમાં મૂલ્યાંકન પ્રક્રિયાની વ્યાપક સમીક્ષા કરવાનો આદેશ આપ્યો છે, જેથી માળખાગત પૂર્વગ્રહો દૂર કરી શકાય અને ભવિષ્યમાં મહિલા અધિકારીઓને કોઈ પણ ગેરલાભ ન થાય.

તપાસમાં અત્યાર સુધી ૧૫,૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત

અનિલ ગ્રુપની કંપનીઓ સામે CBI, EDની ઢીલી તપાસથી સુપ્રીમ નારાજ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અનિલ અંબાણીની કંપની રિલાયન્સ કોમ્યુનિકેશન્સ (આરકોમ) સાથે જોડાયેલા કથિત બેન્ક લોન કૌભાંડ મામલે સુપ્રીમ કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે સ્પષ્ટ કર્યું છે કે આ મામલાની તપાસ નિષ્પક્ષ, પારદર્શક અને નિર્ધારિત સમય મર્યાદામાં પૂર્ણ થવી જોઈએ. કોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ED) અને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન(CBI) જેવી તપાસ એજન્સીઓને પરસ્પર સંકલન સાધીને સત્ય સામે લાવવા આદેશ આપ્યો છે, જેથી ન્યાયતંત્ર અને સામાન્ય જનતાનો વિશ્વાસ જળવાઈ રહે. તપાસમાં થતી કોઈપણ પ્રકારની ઢીલાશ સામે નારાજગી વ્યક્ત કરતા કોર્ટે કહ્યું કે અત્યાર સુધી શું કાર્યવાહી થઈ અને તેના શું તારણો નીકળ્યા તે સ્પષ્ટ થવું મહત્ત્વનું છે.આ કેસની સુનાવણી દરમિયાન અરજદાર પક્ષના વકીલ વકીલ પ્રશાંત ભૂષણે દલીલ કરી હતી કે પૂરતા પુરાવા ઉપલબ્ધ હોવા છતાં તપાસ એજન્સીઓ દ્વારા હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી. તેની સામે સરકાર તરફથી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને ખાતરી આપી હતી કે તપાસ યોગ્ય રીતે ચાલી રહી છે અને અત્યાર સુધીમાં અંદાજે 15,000 કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે તેમજ કેટલીક ધરપકડ પણ થઈ છે. જોકે, સુપ્રીમ કોર્ટે તપાસની ધીમી ગતિને લઈને ચિંતા વ્યક્ત કરી હતી, પણ સાથે જ સ્પષ્ટ કર્યું હતું કે કોર્ટ પોતાની રીતે કોઈની ધરપકડ કરવાનો સીધો આદેશ આપી શકે નહીં. અંતે કોર્ટે EDને આ મામલે બીજો સ્ટેટસ રિપોર્ટ રજૂ કરવાની મંજૂરી આપી છે અને તમામ બેન્કો તથા નાણાકીય સંસ્થાઓને તપાસમાં પૂરો સહયોગ આપવા આદેશ આપ્યો છે.આ સમગ્ર મામલો વર્ષ 2013થી 2017 દરમિયાન આરકોમ અને તેની સહયોગી કંપનીઓ દ્વારા લેવામાં આવેલી લોનના નાણાંના કથિત દુરુપયોગ સાથે જોડાયેલો છે. આક્ષેપ છે કે જટિલ નાણાકીય વ્યવહારો દ્વારા લોનના પૈસાનો ખોટો ઉપયોગ કરવામાં આવ્યો, જેના કારણે બેન્કોને મોટું નુકસાન થયું છે.

વર્ષ ૨૦૧૩થી ૨૦૧૭ દરમિયાન આરકોમ અને તેની સહયોગી કંપનીઓ દ્વારા લેવામાં આવેલી લોનના નાણાંના કથિત દુરુપયોગ સાથે જોડાયેલો છે

કેસમાં એનસીબી દ્વારા ૧૪ આરોપી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી

શાહરુખ ખાન પાસેથી તેના પુત્રને છોડવા કોઈ લાંચ લીધી નથી: સમીર વાનખેડે

કોર્ડેલિયા ક્રુઝ શિપ પર કથિત ડ્રગ્સના કેસમાં બીજી ઑક્ટોબર, ૨૦૨૧ના રોજ આર્યન ખાનની ધરપકડ કરવામાં આવી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)થાણે

ફિલ્મ અભિનેતા શાહરુખ ખાનના પુત્ર આર્યન ખાનની ક્રુઝ ડ્રગ્સ કેસમાં ધરપકડ કરવામાં આવ્યા પછી તેને છોડવા માટે શાહરુખ પાસેથી ક્યારેય લાંચ માગી નથી અને લીધી પણ નથી, એવું નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો (એનસીબી)ના ભૂતપૂર્વ ઝોનલ ડિરેક્ટર સમીર વાનખેડેએ સોમવારે બૉમ્બે હાઈ કોર્ટમાં જણાવ્યું હતું.સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા મે, ૨૦૨૩માં ઈન્ડિયન રેવેન્યૂ સર્વિસ (આઈઆરએસ)ના અધિકારી વાનખેડે વિરુદ્ધ લાંચ અને ભ્રષ્ટાચારના આરોપ હેઠળ નોંધેલા એફઆઈઆરને રદ કરવા માટે કરેલી અરજી પર વાનખેડેના વકીલ આબાદ પોંડાએ દલીલ કરી હતી.ચીફ જસ્ટિસ શ્રી ચંદ્રશેખર અને જસ્ટિસ સુમન શ્યામની



ખંડપીઠને પોંડાએ જણાવ્યું હતું કે વાનખેડેએ ક્યારેય શાહરુખ ખાન પાસેથી લાંચ માગી નથી અને લીધી પણ નથી.

સીબીઆઈના એફઆઈઆર અનુસાર શાહરુખ ખાનના પુત્રને ડ્રગ્સના કેસમાં ક્લીન ચિટ આપવા માટે વાનખેડે અને આ કેસના અન્ય આરોપીઓએ શાહરુખ પાસેથી પચીસ કરોડ રૂપિયાની કથિત માગણી કરી હતી.જોકે પોંડાએ સોમવારે કોર્ટમાં જણાવ્યું હતું કે વાનખેડેએ લાંચ માગી કે સ્વીકારી હોવાના કોઈ પુરાવા સીબીઆઈ પાસે નથી.એનસીબીને ક્રુઝ શિપ કોર્ડેલિયા પર યોજાયેલી પાર્ટીમાં કથિત ડ્રગ્સના ઉપયોગની માહિતી એનસીબીને મળી હતી. માહિતીને આધારે એનસીબીએ સર્ચ હાથ ધરી આર્યન ખાન સહિત અન્ય કેટલાકની ધરપકડ કરી હતી.અરજી પરની સુનાવણી સોમવારે અધૂરી રહી હોવાથી વધુ સુનાવણી મંગળવારે હાથ ધરાશે, એવું કોર્ટે જણાવ્યું હતું.સીબીઆઈએ એનસીબીની ફરિયાદને આધારે વાનખેડે અને અન્યો વિરુદ્ધ ભ્રષ્ટાચાર વિરોધી કાયદા તેમ જ ભારતીય દંડ સંહિતાની ગુનાહિત કાવતરું અને ખંડણી માટે ધમકીની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.

કોર્ડેલિયા ક્રુઝ શિપ પર કથિત ડ્રગ્સના કેસમાં બીજી ઑક્ટોબર, ૨૦૨૧ના રોજ આર્યન ખાનની ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં આ કેસમાં એનસીબી દ્વારા ૧૪ આરોપી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી, પરંતુ આર્યન ખાનને ક્લીન ચિટ આપવામાં આવી હતી.

પેટ્રોલમાં ૨૦ નહીં ૩૦ ટકા ઈથેનોલ ભેળવવું જોઈએ: ડિઝલમાં પણ શરૂ કરો બ્લેન્ડિંગ: AIDAનો ગડકરીને પત્ર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દુનિયામાં વધી રહેલા તણાવ અને મોંઘા થઈ રહેલા તેલ વચ્ચે ભારત પોતાની ઉર્જા સુરક્ષા (Energy Security) મજબૂત કરવા માટે એથેનોલ પર મોટું ફોકસ કરી રહ્યું છે. ઓલ ઈન્ડિયા ડિસ્ટિલર્સ એસોસિએશન (AIDA) એ કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીને પત્ર લખીને પેટ્રોલમાં એથેનોલનું પ્રમાણ ૨૦% થી વધારીને ૩૦% (E30) કરવાની અને ફ્લેક્સ ફ્યુઅલ વાહનો પર ભાર મૂકવાની માંગ કરી છે.

લોકસભામાં સંબોધન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, ભારત હવે ૨૭ ને બદલે ૪૧ દેશો પાસેથી એનર્જી ઈમ્પોર્ટ કરે છે. એથેનોલ વિશે તેમણે કહ્યું, "છેલ્લા ૧૦-૧૧ વર્ષમાં એથેનોલ બ્લેન્ડિંગ પર શાનદાર કામ થયું છે. એક દાયકા પહેલા પેટ્રોલમાં માત્ર ૧-૨% એથેનોલ ભળતું હતું, જે હવે ૨૦% સુધી પહોંચી ગયું છે. આના કારણે દર વર્ષે લગભગ સાડા ૪ કરોડ બેરલ પેટ્રોલ ઓછું ઈમ્પોર્ટ કરવું પડે છે."

ભારતે નિર્ધારિત સમય પહેલા ૨૦% એથેનોલ બ્લેન્ડિંગનું લક્ષ્ય હાંસલ કરી લીધું છે. હવે AIDA ઈચ્છે છે કે આ સ્તર વધારીને ૩૦% કરવામાં આવે. પશ્ચિમ એશિયાના તણાવને કારણે જો તેલના ભાવ વધે, તો એથેનોલ દેશની અર્થવ્યવસ્થા માટે સુરક્ષા કવચ તરીકે કામ કરી શકે છે. આનાથી વિદેશી મુદ્રાની બચત થશે અને ખેડૂતોને શેરડી જેવા પાકના વધુ સારા ભાવ મળશે.

બ્રાઝિલની જેમ ભારતમાં પણ ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોને પ્રોત્સાહન આપવાની જરૂર છે, જે ૧૦૦% એથેનોલ પર પણ ચાલી શકે. એસોસિએશને એવો પણ સુઝાવ આપ્યો છે કે એથેનોલનો ઉપયોગ માત્ર વાહનો સુધી સીમિત ન રાખીને રસોડામાં એથેનોલ બેઝ્ડ બર્નર તરીકે પણ કરવો જોઈએ.

એથેનોલ બાદ હવે આઈસોબ્યુટેનોલ પર પણ કામ શરૂ થઈ ગયું છે.

ગરવી ગુજરાત
ગુજરાતી

JioTV
CHENNAL NO.
3010

TATA PLAY
CHENNAL NO.
2111

Jio Air Fiber
Jio Tv +
Jio Fiber
Daily Hunt
ebaba Tv
Dish Plus

DTH live OTT
Rock TV
Airtel
Amezone Fire
Rocu Tv-US.UK

દેશ-દુનિયાના મહત્વપૂર્ણ સમાચારોની
માહિતી મેળવવા માટે આજે જ
ગરવી ગુજરાત ગુજરાતી ચેનલ નિહાળો

તંત્રી લેખ......

યુદ્ધમાં ટકી રહેવાનો પડકાર

પશ્ચિમ એશિયાના સંકટને ધ્યાનમાં રાખીને, પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં સુરક્ષા પરની કેબિનેટ સમિતિએ પેટ્રોલ, ડીઝલ, ગેસ, વીજળી, ખાતરો વગેરે જેવી આવશ્યક ચીજવસ્તુઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે તમામ શક્ય પગલાં પર વિચાર કર્યો. પશ્ચિમ એશિયામાં યુદ્ધ સમગ્ર વિશ્વને અસર કરે છે, તેથી સરકાર માટે અવિરત પુરવઠો, સ્થિર લોજિસ્ટિક્સ અને દેશભરમાં કાર્યક્ષમ વિતરણ સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું સ્વાભાવિક છે. મોદી સરકારે આવશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર અને સંગ્રહખોરીને રોકવા માટે રાજ્યો સાથે યોગ્ય રીતે સંકલન કરવાની જરૂર પડશે. વધુમાં, ભારતીય માલની નિકાસને પ્રોત્સાહન આપવા માટે નવા પ્રયાસો કરવાની જરૂર પડશે, જેમાં નવા નિકાસ સ્થળો વિકસાવવાનો સમાવેશ થાય છે.

પશ્ચિમ એશિયામાં લાંબા સમય સુધી ચાલેલા યુદ્ધથી ભારત અને વિશ્વ માટે આર્થિક પડકારો વધી રહ્યા છે. ગોલ્ડમેન સૅક્સના તાજેતરના અહેવાલમાં નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ભારતના વિકાસ દરનો અંદાજ ૭ ટકાથી ઘટાડીને ૬.૫ ટકા કરવામાં આવ્યો છે. ફ્રૈંફ્રૈં બેંકે પણ ભારતના વિકાસ દરનો અંદાજ ૭.૫ ટકાથી ઘટાડીને ૭ ટકા કર્યો છે. રેટિંગ એજન્સીઓ અનુસાર, વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો અને પુરવઠામાં વિક્ષેપ ભારતના ઊર્જા આયાત બિલમાં નોંધપાત્ર વધારો કરે તેવી અપેક્ષા છે. વધુમાં, ઘટતી નિકાસ અને વધતી જતી ફુગાવાને લગતા પડકારો પણ ભારતીય અર્થતંત્રની બેલેન્સશીટને ધમકી આપી રહ્યા છે.

ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ વચ્ચે વધી રહેલું યુદ્ધ દેશના ઘણા ભાગોમાં રસોઈ ગેસ અને વાણિજ્યિક ગેસ સિલિન્ડરોના પુરવઠામાં વિક્ષેપને વધારી રહ્યું છે. નિકાસકારો પણ વધતી જતી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. સેન્સેક્સ ગગડી ગયો છે અને ડોલર સામે રૂપિયો ઘટી રહ્યો છે. રોકાણકારો ભારતીય બજારમાંથી ભંડોળ પાછું ખેંચી રહ્યા છે. યુદ્ધ ભારતના નાણાકીય બજારો પર પણ અસર કરી રહ્યું છે. રોકાણકારોની સંપત્તિમાં ઘટાડો થયો છે, અને ભારતીય કંપનીઓના બજાર મૂડીકરણ (એમ-કેપ)માં તીવ્ર ઘટાડો થયો છે.

અગાઉ માર્ચ ૨૦૨૦ માં કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન સમાન ઘટાડો જોવા મળ્યો હતો. જો કે, યુદ્ધની અસર વચ્ચે પણ, ભારતમાં કેટલાક નોંધપાત્ર આર્થિક ફાયદા છે જે દેશના વિકાસ દરને નોંધપાત્ર આંચકાથી બચાવવાની શક્યતા છે. સરકારે આવશ્યક ચીજવસ્તુઓ અધિનિયમ લાગુ કર્યો છે અને ફુગાવાને નિયંત્રિત કરવા અને સામાન્ય માણસ પર તેની અસર ઘટાડવા માટે ઘણા વ્યૂહાત્મક પગલાં લીધા છે, જેમ કે આવશ્યક ખાદ્ય ચીજવસ્તુઓ માટે બફર સ્ટોક વધારવો, ખુલ્લા બજારમાં ખરીદેલા ખાદ્ય અનાજનું વ્યૂહાત્મક વેચાણ કરવું અને આવશ્યક આયાતને સરળ બનાવવી.

નિકાસકારોને રાહત આપવા માટે, સરકારે નિકાસ સુવિધા માટે સ્થિતિસ્થાપકતા અને લોજિસ્ટિક્સ હસ્તક્ષેપ યોજના રજૂ કરી છે. તેનો ઉદ્દેશ્ય નિકાસકારોને વધેલા નૂર ખર્ચ અને વીમા પ્રિમીયમ તેમજ યુદ્ધ સંબંધિત નિકાસ જોખમોનો સામનો કરવામાં મદદ કરવાનો છે. આ યોજના હેઠળ સ્જીસ્ઈ નિકાસકારોને ખાસ ફાયદો થશે. સરકાર ખાડી દેશો માટે નિર્ધારિત માલના વીમા ખર્ચને પણ આવરી લેશે. એ પણ નોંધનીય છે કે ભારત અને ઈરાન વચ્ચે રાજદ્વારી વાટાઘાટો બાદ, ઈરાને ભારતીય ધ્વજવાળા તેલ અને ગેસ ટેક્રોને હોર્મુઝ સ્ટ્રેટમાંથી સુરક્ષિત રીતે પસાર થવાની મંજૂરી આપી છે. છૂટક ફુગાવો રિઝર્વ બેંકના ચાર ટકાના લક્ષ્યાંકથી નીચે છે. ભારતના મોટા ખાદ્ય અનાજ ભંડાર, પેટ્રોલ અને ડીઝલ પુરવઠા માટે વ્યૂહાત્મક અનામત અને આવશ્યક દવાઓનો પૂરતો સ્ટોક એ બધી દશ્યમાન આર્થિક શક્તિઓ છે. જ્યારે રેકોર્ડ ખાદ્ય અનાજ ઉત્પાદન સામાન્ય માણસ માટે ખોરાકની ખાતરી આપે છે, તે ઘણા જરૂરિયાતમંદ દેશોને ખાદ્ય અનાજ પુરવઠા માટેનો આધાર પણ છે. ગયા વર્ષે, ૩૫૭ મિલિયન ટન ખાદ્ય અનાજનું રેકોર્ડ ઉત્પાદન પ્રાપ્ત થયું હતું, અને આ વર્ષે, તેનાથી પણ વધુ ઉત્પાદનની અપેક્ષા છે. ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાનો અંદાજ છે કે એપ્રિલ ૨૦૨૬ સુધીમાં કેન્દ્રીય પૂલમાં આશરે ૧૮.૨ મિલિયન ટન ઘઉં ઉપલબ્ધ થશે. હાલમાં, દેશના ૮૦૦ મિલિયનથી વધુ નબળા લોકોને મફત અનાજનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

ડેઈલી માર્કેટ રિપોર્ટઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૨૮૯ની વૃદ્ધિઃ સોનાનો વાયદો રૂ.૪૨૬ વધ્યો, ચાંદીના વાયદામાં રૂ.૧૦૨૬ની નરમાઈ

કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૬૫૨૨.૬૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૫૨૧૨૩૮.૪૭ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૩૭૧૫૫.૬૨ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૪૪૬૫ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૫૬૭૭૬૪.૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૬૫૨૨.૬૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૫૨૧૨૩૮.૪૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૪૪૬૫ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૪૫૭૯.૧૮ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૭૧૫૫.૬૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૮૪૧૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૦૮૦૦ અને નીચામાં રૂ.૧૩૬૨૯૨ના સ્તરને સ્પર્શી, રૂ.૧૩૯૨૬૦ના આગલા બંધ સામે રૂ.૪૨૬ વધી રૂ.૧૩૯૬૮૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૭૪ ઘટી રૂ.૧૧૩૯૯૪ થયો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૦ ઘટી રૂ.૧૪૨૮૩ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫૦ વધી રૂ.૧૩૯૭૩૩ થયો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૬૨૫૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૦૯૦૦ અને નીચામાં રૂ.૧૩૬૨૫૬ના મથાળે અથડાઈ, રૂ.૧૩૯૭૫૦ના આગલા બંધ સામે રૂ.૫ વધી રૂ.૧૩૯૭૫૫ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૧૮૬૨૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૨૭૪૭૦ અને નીચામાં રૂ.૨૧૩૫૬૨ના મથાળે અથડાઈ, રૂ.૨૨૫૧૬૭ના આગલા બંધ સામે રૂ.૧૦૨૬ ઘટી રૂ.૨૨૪૧૪૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૧૪૦૪ ઘટી રૂ.૨૨૮૬૮૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૧૫૯૪ ઘટી રૂ.૨૨૮૭૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૩૦૮૬.૨૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.૫.૪ ઘટી રૂ.૧૧૧૫.૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત માર્ચ વાયદો ૫ પૈસા ઘટી રૂ.૩૧૦.૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો ૩૫ પૈસા વધી રૂ.૩૩૧.૨૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું માર્ચ વાયદો ૨૫ પૈસા ઘટી રૂ.૧૮૭.૫ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૫૯૪૮.૩૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૦૩૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૦૮૩ અને નીચામાં રૂ.૪૦૦૧ના મથાળે અથડાઈ, કોઈ ફેરફાર વગર રૂ.૪૦૩૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.૮૬૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૮૭૦૯ અને નીચામાં રૂ.૮૪૦૩ના મથાળે અથડાઈ, રૂ.૮૩૪૫ના આગલા બંધ સામે રૂ.૨૮૯ વધી રૂ.૮૬૩૪ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૨૮૭ વધી રૂ.૮૬૩૭ થયો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૨.૮ વધી રૂ.૨૭૫.૫ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.૨.૮ વધી રૂ.૨૭૫.૬ થયો હતો.



કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૧૦૧૫ના ભાવે ખૂલી, રૂ.૪.૧ વધી રૂ.૯૯૬.૩ના સ્તરે પહોંચ્યો હતો. કોટન માર્ચ વાયદો રૂ.૨૬૦ ઘટી રૂ.૨૬૦૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૫૦૦ના ભાવે ખૂલી, રૂ.૧૦ ઘટી રૂ.૨૪૦૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૪૮૬૦.૬૯ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૨૨૯૪.૯૨ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ. ૨૬૫૩.૧૨ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૧૮.૨૫ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૨.૬૮ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૧૯૪.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૬.૧૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૩૬૮.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૫૬૩.૩૬ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૮.૨૭ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૨.૦૩ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૯૩ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૦૧૬ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૮૩૪૯ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૯૨૫૭ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૭૦૫૦૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૪૯૯૩ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૨૦૩ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૯૩૮૮ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૫૧૮૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૩૨૦ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૬૭૯૭ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૪૭૬૯ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૩૭૫૪ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૪૪૬૫ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૩૭૫૪ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૪૮ પોઈન્ટ વધી ૩૪૪૬૫ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૮૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૫૦.૨ વધી રૂ.૯૧૮.૪ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૭૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૩ ઘટી રૂ.૩.૦૫ના ભાવે બોલાયો હતો.

સોનું માર્ચ રૂ.૧૪૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯૬.૫ ઘટી રૂ.૭૫.૫ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૯૧.૫ ઘટી રૂ.૬૮૫.૫ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૦૫ ઘટી રૂ.૧૭.૨૪ થયો હતો. મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૮૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૪૭.૧ વધી રૂ.૯૨૫.૯ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૨૭૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૩ ઘટી રૂ.૩.૦૫ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૩૦.૫ ઘટી રૂ.૨૮૯.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૨૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૦૦.૫ ઘટી રૂ.૫૮૩ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૯.૨ ઘટી રૂ.૨૧૨.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૯૫ ઘટી રૂ.૧.૨ થયો હતો.

સોનું માર્ચ રૂ.૧૩૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૯૯.૫ ઘટી રૂ.૧૫૪.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૬૩.૫ વધી રૂ.૧૩૩૩ના ભાવે બોલાયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૫૯ વધી રૂ.૨૯.૧૫ના ભાવે બોલાયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૬.૮ ઘટી રૂ.૪૩.૯૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૮૫ ઘટી રૂ.૧.૩ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૯.૫ ઘટી રૂ.૧૬૧ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૨૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૬૩.૫ વધી રૂ.૪૨૫૦ના ભાવે બોલાયો હતો.

ગુજરાત માં સ્થાનિક સ્વરાજયની ચુંટણી અગાઉ કોંગ્રેસનો મોટો દાવ : જાહેર કર્યો ઓબીસી માટે કયુઆરકોડ

પ્રતિનિધિ,ગાંધીનગર

સ્થાનિક સ્વરાજયની ચુંટણી અગાઉ ગુજરાતમાં રાજકીય ગરમાવો આવ્યો છે. કોંગ્રેસ હવે આગામી ચુંટણીઓ પહેલા નવી રણનીતી અપનાવવાની છે. કોંગ્રેસે સરકાર સામે ઓબીસી સમુદાયને ગંભીર રીતે અન્યાય થતો હોવાનો આરોપ લગાવ્યો છે. હવે કોંગ્રેસે ઓબીસી ડીપાર્ટમેન્ટ કયુઆરકોડ જાહેર કરીને લોકોને જોડાવવા માટે અપીલ કરી છે. આ સાથે જ દેશ અને રાજયમાં જાતિ આધારીત વસ્તી ગણતરીની માંગ પણ કરી દીધી છે.

ગુજરાતમાં આગામી દિવસોમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી આવી રહી છે. ભાજપની સાથે સાથે હવે કોંગ્રેસે પણ તૈયારીઓ તેજ કરી દીધી છે. કોંગ્રેસે રાજયમાં ઓબીસી માટે કાર્ડ નો દાવ રમ્યો છે. કોંગ્રેસે ભાજપ સરકાર પર ઓબીસી સમુદાયને અન્યાય કરતી હોવાનો આરોપ લગાવ્યો છે. હવે કોંગ્રેસના ઓબીસી ડીપાર્ટમેન્ટે કયુઆરકોડ જાહેર કર્યો છે. અને આ કયુઆરકોડ સ્કેન કરી લોકોને જોડાવવા અપીલ કરી છે. આ મામલે હવે કોંગ્રેસ નેતા ઋત્વિક મકવાણાએ સરકારને આડે હાથ લેતા કહ્યુ હતુ કે દેશ / રાજય માં ઓબીસી સમુદાયને ભાજપ સરકારે અન્યાય કર્યો છે. ૪ લાખ કરોડ નુ બજેટ પણ ઓબીસી માટે ઓછી રકમ છે. હવે કોંગ્રેસે દેશમાં જાતિ આધારીત વસ્તી ગણતરીની માંગ કરી છે.

ગુજરાતમાં કોંગ્રેસની તૈયારીઓ અને ઓબીસી કાર્ડ ને લઈને ભાજપે આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસના ઓબીસી કાર્ડ પર ભાજપે પલટવાર કરતા કહ્યુ હતું કે ચુંટણી આવે ત્યારે કોંગ્રેસને ઓબીસી યાદ આવે છે. જયારે સત્તામાં હતા ત્યારે ઓબીસી માટે શું કર્યુ ? કોંગ્રેસની નીતી રહી છે ભાગલા પાડો રાજ કરો, સૌનો સાથ, સૌનો વિકાસ ભાજપનો મુળ મંત્ર રહ્યો છે.

ઈરાન યુદ્ધ ની અસર : ગુજરાત ગેસ દ્વારા ભાવમાં કરાયો તોતીંગ વધારો

પ્રતિનિધિ,ગાંધીનગર

અમેરીકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધની અસર ભારત પર પણ પડી રહી છે. ભારતમાં એલપીજીનુ સંકટ જોવા મળી રહ્યુ છે. સરકારે એલપીજી માટે ગાઈડલાઈન જાહેર કરી છે. રસોઈ ગેસ સીલીન્ડર ના બુકીંગના નિયમોમાં પણ ફેરફાર થયો છે. તો બીજી તરફ કોમર્શીયલ ગેસ સીલીન્ડરની વધારે અછત જોવા મળી રહી છે. જેથી ઉદ્યોગો અને રેસ્ટોરન્ટ પર તેની મોટી અસર પડી છે.

આ વચ્ચે સુરતમાં ગુજરાત ગેસ દ્વારા કોમર્શીયલ ગેસ ના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. કોમર્શીયલ ગેસ ની અછત વચ્ચે ગુજરાત ગેસ દ્વારા ભાવ વધારો કરવામાં આવ્યો છે. જે ઉદ્યોગો ૮૦ ટકા થી વધુ ગેસ વાપરશે તેની પાસેથી વધારાના યુનિટ દીઠ ૪૯.૫૦ રૂપીયાની જગ્યાએ ૮૫ રૂપીયા વસુલ કરવામાં આવશે. યુદ્ધને કારણે ઔદ્યોગિક ગેસના ઉપયોગને નિયંત્રિત કરવા માટે કંપની દ્વારા બે સ્લેબ લાગુ કરવામાં આવ્યા છે. ગુજરાત ગેસ દ્વારા આ ભાવ વધારાની અસર ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગો પર જોવા મળશે. સુરતમાં ૩૦૦ જેટલા એકમો ગેસ આધારીત છે. યુદ્ધની સ્થિતિ અગાઉથી જ માંગ માં ઘટાડો થયો છે. તો બીજી તરફ ગેસનો ભાવ વધતા ઉદ્યોગ પર માઠી અસર પડી શકે છે. ગુજરાત ગેસ રાજયભરમાં ૧ હજાર થી વધુ ઉદ્યોગોને ૭ લાખ કિલોથી વધુનો ગેસ પુરો પાડે છે. સુરતમાં ૩૦૦ થી વધુ ઉદ્યોગો આ ગેસ પર આધારીત છે. જેમાં રોજેરોજ ૧.૫૦ લાખ કિલો ગેસનો ઉપયોગ થઈ રહ્યો છે. કંપની દ્વારા નવો સ્લેબ લાગુ થયા બાદ તેની સૌથી વધુ અસર ટેક્ષટાઈલ ઉદ્યોગને પડવાની છે. આગામી સમયમાં ઉદ્યોગના ઉત્પાદન ખર્ચમાં વધારો થઈ શકે છે.

અમેરીકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધની અસર ભારત પર પણ પડી રહી છે. ભારતમાં એલપીજીનુ સંકટ જોવા મળી રહ્યુ છે. સરકારે એલપીજી માટે ગાઈડલાઈન જાહેર કરી છે. રસોઈ ગેસ સીલીન્ડરના બુકીંગના નિયમોમાં પણ ફેરફાર થયો છે.

કંપનીઓ ઈંધણની નુકશાની ટાળવા પેટ્રોલ પંપો ને ઓછો જથ્થો ફાળવે છે

પ્રતિનિધિ,ગાંધીનગર

પેટ્રોલ અને ડીઝલની અછત અંગે અત્યારે ગુજરાતમાં ચર્ચાનો વિષય બન્યો છે. આ સ્થિતિ પાછળ મુખ્યત્વે બે કારણો જવાબદાર છે. જેમાં વૈશ્વિક પરીસ્થિતિ મુજબ મધ્ય પૂર્વ માં ચાલી રહેલા સંઘર્ષ અને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ થવાને કારણે ક્રુડ ઓઈલ અને ગેસ ના સપ્લાય પર દબાણ આવ્યુ છે. સોશીયલ મીડીયા પર પેટ્રોલ ખુટી જશે તેવી અફવાઓ ફેલાતા લોકો સંગ્રહ કરવા માટે પંપો ઉપર ઉમટી પડયા છે. જેના કારણે ચાલુ પંપો પર અચાનક ભાર વધી ગયો છે. પેટ્રોલપંપ ના સ્ટોક રાખવાની ગાઈડલાઈન નકકી કરવામાં આવી છે. ઓર્ડર લખાવવાની ગાઈડલાઈન સહિતના નિયમોમાં ધરખમ ફેરફારો થઈ રહ્યા છે. આઈઓસી ના અમુક પંપ રાત્રે ૧૦ વાગે બંધ થવાનો નિર્ણય ઘણી જગ્યાએ લાગુ થઈ રહ્યો છે. કેટલાક વિસ્તારોમાં સપ્લાય મેનેજમેન્ટ માટે રાત્રે ૧૦ વાગ્યા પછી પંપ બંધ રાખવાના સમાચાર છે. પરંતુ આ સ્થિતિ કાયમી નથી, ટેન્કરો મોડી આવવાને કારણે અથવા સ્ટોક મર્યાદીત હોવાથી અમુક પંપો એ કામચલાઉ ધોરણે આ નિર્ણય લીધો છે. ગયા વર્ષ જેટલો જ સ્ટોક ઉપાડયો હતો. તેટલો જ આ વરસે રાખવાની ગાઈડલાઈન નકકી કરવામાં આવી છે. ખાનગી કંપનીઓ અને કેટલીક સરકારી કંપનીઓ રેશનીંગ જેવી પધ્ધતિ અપનાવી રહી હોવાની ચર્ચા છે. એટલે કે ડીલરને ગયા વર્ષના સરેરાશ વેચાણ મુજબ જ જથ્થો ફાળવવામાં આવી રહ્યો છે. જેથી કરીને જથ્થાબંધ કાળાબજારી ન થાય અને તેને અટકાવી શકાય, આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ના ભાવ વધવા છતાં ભારતમાં રીટેઈલ ભાવ વધારવામાં આવ્યા નથી, માત્ર ઈન્ડસ્ટ્રીયલ ડીઝલમાં લીટર દીઠ ૨૨ નો વધારો થયો છે. આવી સ્થિતિના કારણે ઓઈલ માર્કેટીંગ કંપનીઓને માર્કેટીંગ લોસ થઈ રહ્યો છે. તંત્રએ દાવો કર્યો છે કે રાજયમાં પેટ્રોલ-ડીઝલનો પુરતો જથ્થો ઉપલબ્ધ છે. સપ્લાય ચેઈનમાં ટેકનીકલ ખામીને કારણે વિલંબ થયો હોઈ શકે છે. તેમણે અફવા ફેલાવનારાઓ સામે કડક કાર્યવાહીની ચેતવણી આપી છે. સપ્લાયમાં થોડી ખેંચતાણ જરૂરી છે અને કંપનીઓ ખોટ ઘટાડવા સપ્લાય નિયંત્રિત કરી રહી છે. પણ સંપૂર્ણ અછત નથી, માત્ર અફવાઓને કારણે અન્ય શહેરોની સરખામણીમાં અમદાવાદ શહેરના પેટ્રોલપંપ ઉપર ભીડ વધી રહી છે.

મહિલા અનામત કાયદામાં સુધારાની તૈયારીઃ લોકસભાની બેઠકો વધીને ૮૧૬ થશે, મહિલાઓ માટે ૨૭૩ બેઠકો અનામત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં 'મહિલા અનામત' માટેના કાયદામાં સરકાર સુધારો કરવા જઈ રહી છે. કાયદામાં સુધારો કરીને મહિલા સાંસદોની સંખ્યા કુલ સંખ્યાના ત્રીજા ભાગની કરવાનો પ્રસ્તાવ છે. આ સુધારા વિધેયકને ચાલુ સત્રમાં જ લાવવાની તૈયારી છે. સૂત્રોનું કહેવું છે કે, ૨૯ માર્ચના રોજ જ આ બિલ સંસદમાં રજૂ કરવામાં આવી શકે છે. આનાથી લોકસભામાં સભ્યોની સંખ્યા વધીને ૮૧૬ થઈ શકે છે, જ્યારે મહિલા સાંસદો માટે અનામત બેઠકોની સંખ્યા ૨૭૩ થઈ જશે.સૂત્રોએ વધુમાં ઉમેર્યું કે, આ કાયદામાં સુધારા અંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોમવારે સંસદમાં અનેક પક્ષોના નેતાઓ સાથે બેઠક કરી હતી. તેમણે એનસીપી(એસપી), બીજેડી, શિવસેના (ઉદ્ધવ ઠાકરે) અને વાયએસઆર-કોંગ્રેસના નેતાઓ સાથે ચર્ચા કરી હતી. જોકે, હજુ સુધી કોંગ્રેસ અને ટીએમસી સાથે બેઠક થઈ નથી. સુધારા કાયદામાં સર્વસંમતિ સાધવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, જેથી કોઈ પણ અવરોધ વિના આ બિલ પસાર થઈ શકે. કેન્દ્ર સરકારે ૨૦૨૩માં મહિલા અનામત માટે 'નારી શક્તિ વંદન અધિનિયમ' પસાર કર્યો હતો, જેમાં લોકસભા અને રાજ્યસભાની સાથે તમામ રાજ્યોની વિધાનસભાઓમાં ૩૩ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાની જોગવાઈ છે. લગભગ ત્રણ વર્ષ બાદ સરકાર આ કાયદામાં સુધારો કરવા જઈ રહી છે. આનાથી લોકસભામાં સાંસદોની સંખ્યા ૮૧૬ અને મહિલા સાંસદોની સંખ્યા ૨૭૩ થશે. આ બેઠકો નક્કી કરવા માટે ૨૦૧૧ની વસ્તી ગણતરીને આધાર બનાવવામાં આવી શકે છે. ૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે બેઠકોનું સીમાંકન કરવામાં આવશે. તમામ રાજ્યોમાં લોકસભા અને વિધાનસભાની બેઠકોમાં ૫૦ ટકાનો વધારો કરવામાં આવશે. આ વધારો પ્રમાણસર હોઈ શકે છે. જેમ કે- ઉત્તર પ્રદેશમાં ૮૦ને બદલે ૧૨૦ લોકસભા બેઠકો, બિહારમાં ૪૦ને બદલે ૬૦ બેઠકો, તમિલનાડુમાં ૩૯ને બદલે ૫૮ કે ૫૯ બેઠકો. બેઠકોમાં વધારો કરીને ૩૩ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવશે.આમ કરવાથી ટીડીપી અને ડીએમકે જેવા દક્ષિણ ભારતના પ્રાદેશિક પક્ષોની એ ફરિયાદ દૂર કરી શકાશે કે વસ્તીમાં વધુ વધારાને કારણે ઉત્તર પ્રદેશ અને બિહાર જેવા રાજ્યોને ફાયદો થશે. દક્ષિણ ભારતના રાજ્યોનો તર્ક રહ્યો છે કે તેમણે વસ્તી નિયંત્રણમાં વધુ સારા પરિણામો દર્શાવ્યા છે, તેનાથી સીટોના વધારામાં અન્યાય થવો જોઈએ નહીં. આ વર્ષે જૂનમાં સીમાંકન આયોગની રચના થઈ શકે છે. ૨૦૨૩માં સરકારે જે 'નારી શક્તિ વંદન અધિનિયમ' પસાર કર્યો હતો, તે લોકસભા-રાજ્યસભા અને વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની જોગવાઈ કરે છે. આ કાયદામાં એસસી-એસટી કેટેગરીની મહિલાઓ માટે અલગથી અનામતની જોગવાઈ નથી, પરંતુ તેમના માટે અનામતની અંદર જ અનામતની જોગવાઈ કરવામાં આવી છે. એટલે કે, એસસી-એસટી કેટેગરીની મહિલાઓને ૩૩ ટકા અનામતની અંદર જ અનામત આપવામાં આવશે.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

૨૫ માર્ચે અમરેલીના નવા માર્કેટિંગ યાર્ડ પાસે બપોરે ત્રણ વાગે AAPની ભવ્ય સભાનું આયોજનઃ મનોજ સોરઠીયા

અમરેલીમાં AAP કરશે શક્તિપ્રદર્શનઃ AAP રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને પંજાબના CM ભગવંત માનની ઉપસ્થિતિમાં ૨૫ માર્ચે ભવ્ય જનસભા

ગુજરાતમાં 'એકલા હાથે' લડશે AAP: તમામ ૧૨,૦૦૦ બેઠકો પર ઉમેદવારો ઉતારવાની પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠીયાની જાહેરાત

અમદાવાદ/અમરેલી/ગુજરાત

આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, સૌરાષ્ટ્ર ઝોન પ્રમુખ રાજુભાઈ બોરખતરીયા અને અમરેલી જિલ્લા પ્રમુખ નિકુંજ સાવલિયા દ્વારા અમરેલીના સર્કિટ હાઉસ ખાતે એક મહત્વપૂર્ણ મુદ્દા પર પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રેસ કોન્ફરન્સમાં પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં ટૂંક સમયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ જાહેર થવા જઈ રહી છે, તેને લઈને આમ આદમી પાર્ટીએ આજે પોતાની ૪૪૫ ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી છે. આમ આદમી પાર્ટી સમગ્ર ગુજરાતમાં લોકોના મુદ્દાઓ પર લડત લડી રહી છે અને અવાજ ઉઠાવી રહી છે. આ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી એકલા હાથે પ્રથમવાર ચૂંટણી લડવા જઈ રહી છે. આમ આદમી પાર્ટી તમામ ૧૨૦૦૦ સીટો પર પોતાના ઉમેદવાર ઉતારશે.

સાથે સાથે આજે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજી તથા પંજાબની આમ આદમી પાર્ટી સરકારના મુખ્યમંત્રી ભગવંત માનજી ગુજરાત પધારી રહ્યા છે. તેમની ગુજરાતમાં ત્રણ દિવસની વિઝીટ રહેશે. અમરેલી ખાતે એક ભવ્ય મોટી સભાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં અરવિંદ કેજરીવાલજી તથા ભગવંત માનજી સહિત ગુજરાતનું પ્રદેશ નેતૃત્વ હાજર રહેશે. અમરેલીમાં આમ આદમી પાર્ટીનો આ એક પહેલો અને મોટો કાર્યક્રમ છે જેના કારણે આસપાસના વિસ્તારના લોકો પણ મોટી સંખ્યામાં હાજર રહેશે. આગામી ૨૫ માર્ચે અમરેલીના નવા માર્કેટિંગ યાર્ડ પાસે બપોરે ત્રણ વાગે ભવ્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સભા ગુજરાતની અંદર પરિવર્તનનો એક વિશ્વાસ અને સંદેશ લઈને આવશે. ગુજરાતને ભાજપની ગુલામી અને ભાજપના ભ્રષ્ટાચારમાંથી મુક્ત કરવાનું આંદોલન છે, એની શરૂઆત થઈ રહી છે. અમરેલીની આ સભામાં રાષ્ટ્રીય અને પ્રદેશના નેતાઓની સાથે સાથે આમ આદમી પાર્ટીના સ્થાનિક પદાધિકારીઓ અને અમરેલી જિલ્લાના તથા આસપાસના જિલ્લાના કાર્યકર્તાઓ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ગુજરાતના છેલ્લામાં છેલ્લા વ્યક્તિ સુધી આ સભાની વાત પહોંચી એવી અમારી આશા છે.

તાલુકાથી મહાનગરપાલિકા સુધી સામાન્ય લોકોને ટિકિટ આપવામાં આવી : ઈસુદાન ગઢવી

ગુજરાતમાં નવી રાજનીતિની શરૂઆત, AAPએ ૪૬૦થી વધુ ઉમેદવારોનું પ્રથમ લિસ્ટ જાહેર કર્યું

બાપ-બેટાની રાજનીતિનો અંત, AAPએ સામાન્ય લોકોને આપી ઉમેદવારીઃ ઈસુદાન ગઢવી

અમદાવાદ/સુરત/રાજકોટ

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ વિડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે ગુજરાતમાં આમ આદમી માટે આજે સોનાનો સૂરજ ઉગ્યો છે, સામાન્ય લોકો માટે આજે સોનાનો સૂરજ ઉગ્યો છે. આજે આમ આદમી પાર્ટીએ આમ જનતાને તાલુકા, જિલ્લા, નગરપાલિકા અને મહાનગરપાલિકામાં ઉમેદવારી માટે ટિકિટ આપી છે અને આજે એક નવી રાજનીતિની શરૂઆત કરી છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ તરીકે મને ગર્વ થાય છે, અમે સ્વપ્ન જોયું હતું કે બહુ થયું બાપ-બેટાની રાજનીતિ, હવે સામાન્ય લોકોની રાજનીતિની શરૂઆત કરી છે અને એ અમારું સૌભાગ્ય છે. આજે આમ આદમી પાર્ટીએ તાલુકા, જિલ્લા, નગરપાલિકા અને મહાનગર પાલિકાના ઉમેદવારોનું પહેલું લિસ્ટ જાહેર કર્યું છે. પ્રથમ લિસ્ટમાં ૪૬૦થી વધુ ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ લિસ્ટ પ્રદેશ નેતૃત્વ, સ્ક્રીનિંગ કમિટી અને કેન્દ્રીય નેતૃત્વની સહમતિથી જાહેર કરવામાં આવ્યું છે, જેને લઈને મને ખૂબ આનંદ થાય છે.

AAP નેતા ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતુ કે, અત્યાર સુધી ભાજપના સાંસદ હોય તો તેમનો દીકરો ધારાસભ્ય બનવા માંગે, તેમનો દીકરો જિલ્લા પંચાયત અથવા નગરપાલિકા અને મહાનગર પાલિકામાં ટિકિટ મેળવે, આમ સામાન્ય કાર્યકર્તાને ક્યારેય તક મળતી નહોતી. અથવા તો કરોડપતિઓ હોય કે નેતાઓના દીકરાઓને જ તક મળતી હતી. હવે ગુજરાતમાં ચૂંટણી લડવા માટે આમ આદમી પાર્ટી તકો આપી રહી છે. આમ લોકો માટે, આમ જનતા માટે, આમ આદમી માટે ગુજરાતમાં એક નવો સૂર્યોદય થયો છે. ૪૬૦થી વધુ એવા ઉમેદવારોને ટિકિટ આપવામાં આવી છે, જે સામાજિક રીતે સક્રિય છે અને ખરેખર સામાન્ય લોકો છે. હું તમામ ૪૬૦થી વધુ ઉમેદવારોને હાર્દિક અભિનંદન પાઠવું છું. આ નવી રાજનીતિને ગુજરાતની જનતા જાતિ-ધર્મથી ઉપર ઉઠીને સ્વીકારશે એવી હું આશા અને પ્રાર્થના કરું છું.

જીતુ વાઘાણી અને અમિત ચાવડા વચ્ચે શાબ્દિક ટપાટપીઃ મુખ્યમંત્રીએ કહ્યું હોત કે જય શ્રી રામ બોલો તો હું બોલું પણ જીતુભાઈએ કહ્યું એટલે નહી બોલું : અમિત ચાવડા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં આજે એક મહત્વપૂર્ણ દિવસ રહ્યો હતો. મુખ્યમંત્રી દ્વારા ગૃહમાં સમાન નાગરીક સંહિતા બીલ રજુ કરવામાં આવ્યુ હતું. જો કે બીલ ની રજુઆતની સાથે જ ગૃહમાં ભારે રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. એક તરફ સત્તાધારી પક્ષમાં ઉત્સાહનો માહોલ હતો, તો બીજી તરફ વિપક્ષે તેને આગામી ચુંટણીઓને લક્ષમાં રાખીને લેવાયેલુ પગલુ ગણાવ્યુ હતું. ગૃહમાં જય શ્રી રામ ના નારા જેવા મુખ્યમંત્રીએ ગૃહમાં યુસીસી બીલ રજુ કરવાની જાહેરાત કરી તે સાથે જ સત્તાધારી પક્ષના ધારાસભ્યોએ બાંકડા થપથપાવીને જય શ્રી રામ ના નારા લગાવ્યા હતા.

આ ઘટનાએ ગૃહમાં એક અલગ જ વાતાવરણ ઉભુ કર્યુ હતું.

આ દરમિયાન ભાજપના નેતા જીતુ વાઘાણી અને કોંગ્રેસના અમિત ચાવડા વચ્ચે નારા લગાવવા બાબતે શાબ્દિક ટપાટપી પણ જોવા મળી હતી. ચુંટણી નજીક આવતા જ યુસીસી કેમ યાદ આવ્યું ? અમિત ચાવડા કોંગ્રેસના ધારાસભ્ય અને નેતા અમિત ચાવડાએ સરકારના આ પ્રસ્તાવ સામે અનેક સવાલો ઉઠાવ્યા હતા. તેમણે સરકારની દાનત પર શંકા વ્યકત કરતા જણાવ્યુ હતુ કે જયારે પણ ચુંટણીઓ નજીક આવે છે. ત્યારે જ સરકારને યુસીસી જેવા મુદ્દાઓ કેમ યાદ આવે છે ? ફેબ્રુઆરી ૨૦૨૫ માં કમિટી બની અને માર્ચ માં રીપોર્ટ આપી દીધો, આટલી ઉતાવળ પાછળનો હેતુ માત્ર રાજકીય લાભ ખાટવાનો છે. કમિટીને એક લાખ થી વધુ સુચનો મળ્યા હતા. પરંતુ આ રીપોર્ટ હજુ સુધી જાહેર જનતા માટે કેમ મુકવામાં આવ્યો નથી ? ભેદભાવ અને અપારદર્શકતાના આક્ષેપો કરતા જણાવ્યુ હતુ કે આ બીલ માં ભેદભાવની ભાવના છુપાયેલી છે. તેમણે ઝવેરી કમિશન (ઓબીસી અનામત) નો રીપોર્ટ નો ઉલ્લેખ કરતા કહ્યુ હતુ કે જેમ એ રીપોર્ટ હજુ સુધી સાર્વજનિક થયો નથી. તેમ યુસીસી કમિટીના રીપોર્ટને પણ ગુપ્ત રાખીને ભાજપ પોતાનો રાજકીય એજન્ડા ચલાવી રહી છે.

તેમણે ઉમેર્યુ હતુ કે કોઈપણ કાયદો બનાવતી વખતે દરેક ધર્મના આગેવાનોને જોડવા જોઈએ. જેથી કોઈની લાગણી ન દુભાય, મુંહ મેં રામ, બગલ મેં છુરી, નારા પર રાજકારણ ગૃહમાં જયારે જીતુ વાઘાણીએ કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યુ હતુ કે તેઓ જય શ્રી રામ ના નારા બોલતા નથી, ત્યારે અમિત ચાવડાએ વળતો પ્રહાર કર્યો હતો. ચાવડાએ વધુમાં કહ્યુ હતુ કે જો મુખ્યમંત્રીએ મને કહ્યુ હોત તો હું જરૂર જય શ્રી રામ બોલત, પણ જીતુભાઈ કહે એટલે નહી બોલું, એમનુ તો કહેવું છે કે મુંહ મેં રામ, બગલમેં છુરી , મને એમ હતુ કે આ બીલ હર્ષ સંઘવી રજુ કરશે, પણ મુખ્યમંત્રીએ રજુ કર્યુ, એટલે મારૂ ભાષણ બદલાઈ ગયુ છે. કાયદો અને વ્યવસ્થા પર સવાલો ઉઠાવી ચાવડાએ સરકારને ઘેરતા અન્ય આંકડાઓ પણ રજુ કર્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે છેલ્લા પાંચ વરસમાં પોકસો હેઠળના ૩૧૬૧૭ કેસ પેન્ડીંગ છે.

માત્ર વર્ષ ૨૦૨૫ માં જ ૫,૧૩૫ કેસ બાકી છે. સરકાર મુળભુત કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ રહી છે. અને માત્ર ચુંટણી જીતવા માટે નવા બીલો લાવી રહી છે. કોંગ્રેસે સ્પષ્ટ કહ્યુ હતુ કે તેઓ આ બીલને વર્તમાન સ્વરૂપમાં સમર્થન આપતા નથી, વિપક્ષની માંગ છે કે આ બીલ પર વિસ્તૃત ચર્ચા થવી જોઈએ. અને તેને આગામી સત્રમાં લાવવુ જોઈએ. હવે જોવાનુ એ રહેશે કે આગામી ૨૦૨૭ ની ચુંટણીઓ પહેલા આ માસ્ટર સ્ટ્રોક ગણાતુ બીલ ગુજરાતના રાજકારણમાં કેવો વળાંક લાવે છે.

વડોદરા કોર્પોરેશનની ચુંટણીમાં ગરમાવોઃ ૧૯ વોર્ડ ની પ્રાથમિક મતદાર યાદી જાહેરઃ ૨.૩૮ લાખ નામો કપાતા વિવાદની શકયતા

પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરા મહાનગરપાલિકાની આગામી સામાન્ય ચુંટણી અગાઉ વહિવટી તંત્ર દ્વારા શહેરના તમામ ૧૯ વોર્ડ ની પ્રાથમિક મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી છે. આ નવી યાદીમાં મોટાપાયે ફેરફારો જોવા મળ્યા છે. જેના કારણે રાજકીય પક્ષો અને મતદારોમાં ચર્ચા જાગી છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે પ્રાથમિક મતદાર યાદીમાંથી અંદાજે ૨.૩૮ લાખ જેટલા નામો કાઢી નાખવામાં આવ્યા છે. મતદાર યાદીના મુખ્ય આંકડા નવી જાહેર કરાયેલી યાદી મુજબ વડોદરાના ૧૯ વોર્ડ માં કુલ ૧૨,૦૮,૦૨૧ મતદારો નોંધાયા છે. તંત્ર દ્વારા કરવામાં આવેલા સીમાંકન અને સુધારણા બાદ મતદાન મથકોની સંખ્યામાં પણ મોટો ફેરફાર થયો છે. અગાઉની સરખામણીએ આ વખતે ૧૬૪ બુથનો ઘટાડો કરવામાં આવ્યો છે. જેના પરીણામે હવે કુલ ૧૧૩૧ મતદાન મથકો પર ચુંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. મોટી સંખ્યામાં નામો કપાતા ચુંટણી વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી વેરીફીકેશન પ્રક્રિયા બાદ ૨.૩૮ લાખ નામો યાદીમાંથી દુર થયા છે. આ નામોમાં મુખ્યત્વે રહેઠાણ બદલાયુ હોય તેવા મતદારો, અવસાન પામેલા વ્યકિતઓ, ડુપ્લીકેટ એન્ટ્રી ધરાવતા નામોનો સમાવેશ થાય છે. જો કે આટલી મોટી સંખ્યામાં નામો કપાવવાને કારણે અનેક મતદારો મતાધિકારથી વંચિત રહી જાય તેવી ભીતી પણ સેવાઈ રહી છે. મતદારો માટે સુધારાની તક તંત્ર દ્વારા આપવામાં આવી છે. તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે જે મતદારોના નામ વિધાનસભાની મતદારયાદીમાં હોય પરંતુ કોર્પોરેશનની આ નવી જાહેર થયેલી યાદીમાં ન જોવા મળે તેવા મતદારો હજુ પણ ચોકકસ અરજી કરી શકશે. મતદારો પોતાની વિગતો ચકાસીને નિર્ધારીત સમય મર્યાદામાં નામ ઉમેરવા અથવા સુધારવા માટે સંબંધીત વોર્ડ કચેરી કે ચુંટણી શાખાનો સંપર્ક કરી શકશે. રાજકીય ગણિતમાં ફેરફારો મતદારોની સંખ્યામાં થયેલો આ ઘટાડો અને બુથની સંખ્યામાં થયેલી કપાત આગામી ચુંટણીમાં ઉમેદવારોના પ્રચાર અને જીતના સમીકરણો પર મોટી અસર પાડી શકે તેમ છે. ખાસ કરીને જે વિસ્તારોમાં રહેણાંક સોસાયટીઓ ખાલી થઈ છે, અથવા નવા સીમાંકન આવ્યા છે ત્યાં મતદારોની સંખ્યામાં મોટો તફાવત જોવા મળી રહ્યો છે.

કાર્યાલય બહાર ખેસ લટકાવી વિરોધ નોંધાવ્યો : પાયાના કાર્યકરોની અવગણના કર્યાનો આક્ષેપ

ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર થતા જ વડોદરા આમ આદમી પાર્ટીમાં ભંગાણઃ શહેર પ્રમુખ સહિત અનેક કાર્યકરોએ આપ્યા રાજીનામા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણી પહેલા જ ગુજરાતમાં રાજકીય માહોલ ગરમાયો છે. વડોદરામાં આમ આદમી પાર્ટી માટે પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો ઘાટ ઘડાયો છે. આજે ૨૪ માર્ચે ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર થતાની સાથે જ પક્ષમાં મોટુ ભંગાણ પડયુ હતું. ટીકીટ ફાળવણીમાં થયેલી કથિત અવગણનાને પગલે શહેર પ્રમુખ અશોક ઓઝા સહિત અનેક પાયાના કાર્યકરોએ સામુહિક રાજીનામા ધરી દીધા હતા. ગુજરાત આમ આદમી પાર્ટી દ્વારા આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણી માટે ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરવામાં આવી હતી. આ જાહેરાત થતા જ નારાજ થયેલા કાર્યકરોનો આક્રોશ ચરમસીમાએ પહોચ્યો હતો. વિરોધ નોંધાવવા માટે અનેક કાર્યકરોએ પક્ષના કાર્યાલયની બહાર જ પોતાના ખેસ લટકાવી દીધા હતા, અને આમ આદમી પાર્ટી સાથે છેડો ફાડયો હતો. નારાજ કાર્યકરોએ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે આ યાદી સ્થાનિક પરીસ્થિતિને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી નથી, પરંતુ દિલ્હીથી સીધી જ થોપી દેવામાં આવી છે.

એટલુ જ નહી કાર્યકરોએ પક્ષ હવે ભાજપની બી ટીમ તરીકે કામ કરી રહ્યો હોવાનો પણ સનસનીખેજ આક્ષેપ કર્યો હતો. વડોદરા વોર્ડ નં.૧૩ ના આમ આદમી પાર્ટી પ્રભારી રાજેશ માળીએ રોષ ઠાલવતા સ્પષ્ટપણે કહ્યુ હતુ કે પાર્ટીમાં જે લોકો માત્ર એક- બે મહિનાથી જોડાયા છે. તેમને ટીકીટ આપી દેવામાં આવી છે. જયારે વરસોથી પક્ષ માટે લોહી પાણી એક કરનારા પાયાના કાર્યકરોની ઘોર અવગણના કરવામાં આવી છે. તો બીજી તરફ વોર્ડ નં. ૧૨ ના આમ આદમી પાર્ટીના કાર્યકર ભાવિકાબેને પણ જણાવ્યુ હતુ કે સક્ષમ ઉમેદવારોને બાજુ પર મુકીને માયકાંગલાઓની પસંદગી કરવામાં આવી છે. અને હવે તેઓ પક્ષના બદલે સ્વતંત્ર સામાજિક કાર્યકર તરીકે સેવા આપવાનુ પસંદ કરશે. આ સમગ્ર વિવાદમાં વડોદરા આમ આદમી પાર્ટી મહામંત્રી જહાનવી ગોહીલે સૌથી ગંભીર આક્ષેપો લગાવ્યા હતા. તેઓએ ટીકીટ વહેંચણીને પૈસાનો ખેલ ગણાવ્યો હતો.

વધુમાં તેમણે પક્ષની નેતાગીરી સામે નારાજગી વ્યકત કરતા કહ્યુ હતું કે પાર્ટીના આંદોલનોમાં અમારા પર કેસ થયા, અમારા ફોન પોલીસ સ્ટેશનમાં જમા છે, છતાં પાર્ટીની લીગલ ટીમ અમને કોઈ જ સહકાર આપતી નથી, અહેવાલો અનુસાર શહેર પ્રમુખ અશોક ઓઝા એ પણ પોતાની ભલામણ કરેલા ઉમેદવારોની યાદીમાંથી બાદબાકી થતા નારાજગીમાં રાજીનામુ આપી દીધુ હતું. ચુંટણી અગાઉ જ વડોદરા આમ આદમી પાર્ટીમાં પડેલા આ મોટા ભંગાણ અને રાજીનામાની ઝડીએ પક્ષ માટે મોટી મુશ્કેલી ઉભી કરી છે. ત્યારે હવે જોવુ એ રહ્યુ કે પાર્ટીનુ હાઈકમાન્ડ આ ડેમેજ કંટ્રોલ કરવામાં કેટલુ સફળ રહે છે.

બહેનની નજર સામે જ ભાઈની કરપીણ હત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના વાસણા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાવતી એક ઘટના પ્રકાશમાં આવી છે. ગુપ્તાનગર પાસે આવેલા ભરવાડવાસમાં ગત મોડી રાત્રે ઊંઘી રહેલા ૨૫ વર્ષીય યુવકની અજાણ્યા શખસે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી હતી. આ સમગ્ર ઘટના મૃતકની ૧૯ વર્ષીય બહેનની નજર સામે બની હતી, જેણે ભાઈને બચાવવા બૂમાબૂમ કરી હતી પરંતુ હત્યારો અંધારાનો લાભ લઈને નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

મળતી માહિતી અનુસાર, મૂળ રાજસ્થાનના ઉદયપુરના વતની અને છેલ્લા ૨૦ વર્ષથી વાસણામાં ભાડે રહેતા આ શ્રમિક પરિવાર પર અચાનક આભ તૂટી પડ્યું છે. મૃતક હિતેશ સાણંદમાં ફર્નિચરના કારખાનામાં કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો, તે રાબેતા મુજબ પરિવાર સાથે ઘરની બહાર ખુલ્લામાં પલંગ પર સૂતો હતો. ગત મોડી રાત્રે જ્યારે આખો પરિવાર ગાઢ નિદ્રામાં હતો, ત્યારે અજાણ્યા શખસે હિતેશ પર હુમલો કર્યો હતો.

મૃતકની ૧૯ વર્ષીય બહેને પોલીસ ફરિયાદમાં જણાવ્યું કે, રાત્રે હિતેશને માર મારવાનો અવાજ આવતા મારી ઊંઘ ઉડી ગઈ હતી. મે જોયું કે જેકેટ અને માથા પર ટોપી પહેરેલો એક પાતળો શખસ હિતેશના પેટના ભાગે તીક્ષ્ણ હથિયારથી ઘા મારી રહ્યો હતો. મે બૂમો પાડતા આસપાસના લોકો અને પરિવારજનો જાગી ગયા હતા, પરંતુ ત્યાં સુધીમાં હત્યારો ભાગી છૂટ્યો હતો. લોહીલુહાણ હાલતમાં હિતેશને સારવાર મળે તે પહેલા જ ૧૦૮ના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.ઘટનાની જાણ થતા જ વાસણા પોલીસનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં પોલીસને શંકા છે કે આ હત્યા પાછળ કોઈ જૂની અદાવત જવાબદાર હોઈ શકે છે. હિતેશના પરિવારના સભ્યો અને પડોશીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. પોલીસે અજાણ્યા હત્યારા સામે ગુનો નોંધી તેને ઝડપી પાડવા માટે સીસીટીવી ફૂટેજ તપાસવાની અને અલગ-અલગ ટીમો બનાવી તપાસ તેજ કરી છે.

લાઈનમાં ઉભા રહીને પૂરાવ્યું પેટ્રોલ, પંપની બહાર જ બાઈક સળગી ઉઠ્યું!

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

પેટ્રોલ-ડીઝલની અછતની અફવાઓને પગલે લોકો પેનિક થઈ રહ્યા છે અને પેટ્રોલ પંપની બહાર વાહનચાલકોની લાંબી લાઈનો જોવા મળી રહી છે. આ દરમિયાન વડોદરામાં બાઈકમાં આગ લાગી હોવાની ઘટના સામે આવી છે. આજવા રોડ સરદાર એસ્ટેટ પાસે પેટ્રોલ પંપ બહાર ઘટના બની હતી. પેટ્રોલ ભરાવીને બાઈક સવાર બહાર નીકળ્યો અને અચાનક આગ લાગી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ સ્થળ પર પહોંચી આગને કાબૂમાં લીધી હતી. નોંધનીય છે કે, પેટ્રોલ અને ડીઝલની અછતની અફવા અત્યારે ગુજરાતમાં ચર્ચાનો વિષય બન્યો છે. વૈશ્વિક પરિસ્થિતિ મુજબ મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષ અને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ થવાને કારણે ક્રૂડ ઓઈલ અને ગેસના સપ્લાય પર દબાણ આવતાં આવી પરિસ્થિતિ સર્જાઈ હોવાનું લોકો માની રહ્યા છે. તો બીજી બાજુ સોશિયલ મીડિયા પર પેટ્રોલ ખૂટી જશે તેવી અફવાઓ ફેલાતાં લોકો સંગ્રહ કરવા માટે પંપ પર પડાપડી કરી રહ્યા છે. જેના કારણે દિવસોમાં વેચાતું પેટ્રોલ કલાકોમાં પૂરું થઈ રહ્યું હોવાના અહેવાલ મળી રહ્યા છે. ગુજરાત સરકારના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના મંત્રી ઋષિકેશ પટેલનું નિવેદન સામે આવ્યું છે. તેમણે જણાવ્યું કે, રાજ્યમાં પેટ્રોલ ડીઝલની કોઈ અછત નથી. ગુજરાતમાં પુરતો જથ્થો છે.

સુરતમાં સરકારી નોકરીના નામે છેતરપિંડી કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

શહેરમાં સરકારી નોકરી અપાવવાના બહાને નિર્દોષ લોકોને નિશાન બનાવી લાખો રૂપિયાની છેતરપિંડી આચરતા તત્વો સામે સુરત પોલીસે લાલ આંખ કરી છે. સુરત પોલીસની ઝોન-૬ની ટીમે મહારાષ્ટ્ર બોર્ડર પરથી એક એવા શખ્સની ધરપકડ કરી છે, જેણે સરકારી નોકરી અપાવવાની લાલચ આપી ૪ લાખ રૂપિયાની છેતરપિંડી આચરી હતી.

પકડાયેલા આરોપીનું નામ અશ્વિન પ્રભાતસિંહ પાડવી છે. આરોપીએ ફરિયાદીને વિશ્વાસમાં લીધા હતા કે તે સરકારી વિભાગમાં વગ ધરાવે છે અને તેમને નોકરી અપાવી દેશે. આ બહાને તેણે કટકે-કટકે રૂપિયા ૪ લાખ પડાવી લીધા હતા. એકવાર નાણાં મળી ગયા બાદ, આરોપીએ અલગ-અલગ બહાના બતાવી ફરિયાદી સાથેનો સંપર્ક તોડી નાખ્યો હતો અને ફોન બંધ કરીને ફરાર થઈ ગયો હતો.

ફરિયાદ મળતા જ સુરત પોલીસની ઝોન-૬ની ટીમ એક્શનમાં આવી હતી. ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી પોલીસને બાતમી મળી હતી કે આરોપી મહારાષ્ટ્ર બોર્ડરની આસપાસ છુપાયેલો છે. પોલીસની ટીમે મહારાષ્ટ્રમાં સતત ૩ દિવસ સુધી રેકી કરી હતી અને આરોપીના દરેક મૂવમેન્ટ પર નજર રાખી હતી. આખરે ચોક્કસ લોકેશન મળતા જ પોલીસે તેને મહારાષ્ટ્ર બોર્ડર પરથી દબોચી લીધો હતો.પોલીસે હાલ આરોપીની ધરપકડ કરી સુરત લાવીને વધુ પૂછપરછ હાથ ધરી છે.

AHMEDABAD MUNICIPAL CORPORATION

Water Operation Department (Elect. & Mech.)

E-Tender Notice

Rate Contract for Design, Supply, Installation, Testing and Commissioning of Chain Link Fencing, Fabrication of M.S structure, Chequered Plate, Weather shed, Bird Screen, Shutter Repairing etc misc works at Different Water Distribution stations of North Zone of Water Operation Department of AMC.

Last date of online tender Submission	Dt:-15/04/2026 up to 18:00Hrs.
Last date of tender Submission (Hard Copy)	Dt:-16/04/2026 up to 15:00Hrs.
Date of tender opening (onlyTech.bid)	Dt:-16/04/2026 at 16:00Hrs.
Detail & Tender available on	tender.nprocure.com

NHPC Limited
(A Government of India Navratna Enterprise)

NHPC ઓફિસ કોમ્પ્લેક્સ, સેક્ટર-33, ફરીદાબાદ-121003 (હરિયાણા).
CIN : L40101HR1975GOI032564

સમયપત્રક

[સેન્ટ્રલ ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (કન્ડક્ટ ઓફ બિઝનેસ) રેગ્યુલેશન્સ, 2023 ના નિયમન 23 ના કલમ (7) ના અનુસંધાનમાં પ્રકાશિત કરવામાં આવશે]

1. ઉપરોક્ત નામના અરજદારે સુબનસિરી લોઅર HE પ્રોજેક્ટ (2000MW) માટે ટેરિફ નક્કી કરવા માટે સેન્ટ્રલ ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન, નવી દિલ્હી સમક્ષ અરજી દાખલ કરી છે.
2. જનરેટિંગ સ્ટેશનના લાભાર્થીઓ છે:

i)	ઉત્તર પ્રદેશ પાવર કોર્પોરેશન લિ. યુ.પી.	xi)	મહારાષ્ટ્ર રાજ્ય વીજળી વિતરણ કંપની લિ., મહારાષ્ટ્ર
ii)	હરિયાણા પાવર ખરીદી કેન્દ્ર, હરિયાણા	xii)	વીજળી વિભાગ, સરકાર. ગોવા, ગોવા
iii)	ચંદીગઢ પાવર ડિસ્ટ્રિબ્યુશન લિમિટેડ (CPDL), ચંદીગઢ	xiii)	મણિપુર સ્ટેટ પાવર ડિસ્ટ્રિબ્યુશન કંપની લિમિટેડ, મણિપુર.
iv)	જયપુર વિદ્યુત વિતરન નિગમ લિ. (JVVNL), રાજસ્થાન.	xiv)	પાવર વિભાગ, નાગાલેન્ડ.
v)	અજમેર વિદ્યુત વિતરન નિગમ લિ. રાજસ્થાન.	xv)	આસામ પાવર ડિસ્ટ્રિબ્યુશન કંપની લિમિટેડ, આસામ.
vi)	જોધપુર વિદ્યુત વિતરન નિગમ લિમિટેડ, રાજસ્થાન.	xvi)	ત્રિપુરા, સ્ટેટ ઇલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિ. (TSECL), ત્રિપુરા.
vii)	પંજાબ સ્ટેટ પાવર કોર્પોરેશન લિમિટેડ (PSPCL), પંજાબ	xvii)	વીજળી અને વીજળી વિભાગ, મિઝોરમ
viii)	છત્તીસગઢ સ્ટેટ પાવર ડિસ્ટ્રિબ્યુશન કંપની લિમિટેડ, છત્તીસગઢ	xviii)	વીજ વિભાગ, અરુણાચલ પ્રદેશ
ix)	ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL), ગુજરાત.	xix)	મેઘાલય પાવર ડિસ્ટ્રિબ્યુશન કોર્પોરેશન લિમિટેડ, મેઘાલય.
x)	એમ.પી. પાવર મેનેજમેન્ટ કંપની લિમિટેડ (MPPMCL), મધ્યપ્રદેશ.		

3. જનરેટિંગ સ્ટેશનની ક્ષમતા : 2000 MW (8 x 250 MW)
4. પ્રોજેક્ટનો મંજૂર મૂડી ખર્ચ : રૂ. 6285.33 કરોડ (ડિસેમ્બર 2002 ભાવ સ્તર)

મૂડી ખર્ચને મંજૂરી આપનાર સત્તામંડળ: CCEA
નોંધ: NHPC લિમિટેડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા રૂ. 29948.22 કરોડના સુધારેલા ખર્ચ અંદાજની મંજૂરી પ્રક્રિયા હેઠળ છે.

5. વાણિજ્યિક કામગીરીની સુનિશ્ચિત તારીખ : 08.09.2010
6. વાણિજ્યિક કામગીરીની વાસ્તવિક તારીખ :

વાસ્તવિક:	
યુનિટ #2 : 23.12.2025	યુનિટ #3 : 01.02.2026
યુનિટ #1 : 20.03.2026	યુનિટ #6 : 30.06.2026
યુનિટ #4 : 31.03.2026	યુનિટ #7 : 31.12.2026
યુનિટ #5 : 30.06.2026	યુનિટ #8 : 31.12.2026
પાવર સ્ટેશન: 31.12.2026 (અપેક્ષિત)	

7. વાણિજ્યિક કામગીરીની તારીખે મૂડી ખર્ચ (NIDC સિવાય): રૂ. 29190.17 કરોડ (અપેક્ષિત)
8. ટેરિફની વિગતો:

ક્ર. નં.	હાઇડ્રો પાવર જનરેટિંગ સ્ટેશન	પાછલા વર્ષ માટે ટેરિફ	વર્ષવાર ટેરિફ નક્કી કરવા માંગવામાં આવી				
			FY 2024-25	FY 2025-26	FY 2026-27	FY 2027-28	FY 2028-29
1.	વાર્ષિક ફિક્સ્ડ ચાર્જ (રૂ. કરોડમાં)	NA	-	842.87	4849.24	5816.11	5801.36
2.	પ્રાથમિક ઉર્જા ચાર્જ	પ્રાથમિક ઉર્જા ચાર્જ વાર્ષિક ફિક્સ ચાર્જનો ભાગ છે અને તે વાર્ષિક ફિક્સ્ડ ચાર્જના 50% છે					

9. ટેરિફ નક્કી કરવા માટે કરવામાં આવેલી અરજીની નકલ વેબસાઇટ પર "વાણિજ્યિક" હેઠળ પોસ્ટ કરવામાં આવી છે: https://www.nhpcindia.com.
10. અરજીમાં સમાવિષ્ટ ટેરિફ નક્કી કરવા માટેની દરખાસ્તો પર સૂચનો અને વાંધાઓ, જો કોઈ હોય તો, લાભાર્થીઓ સહિત કોઈપણ વ્યક્તિ દ્વારા કમિશનના ઈ-ફાઇલિંગ પોર્ટલ દ્વારા, આ સૂચનાના પ્રકાશનના 30 દિવસની અંદર અરજદારને એક નકલ સાથે, દાખલ કરી શકાય છે.

સ્થળ : ફરીદાબાદ
તારીખ : 18.03.2026

(મોહમ્મદ ફારુક)
જનરલ મેનેજર (કમિશનર), વાણિજ્યિક વિભાગ

ગુજરાત સરકારમાં વર્ગ-૪ની ભરતી વર્ષ ૨૦૧૦થી બંધ

ગુજરાત રાજયના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિના ધારાસભ્યો જાતિના યુવાન-યુવતીઓના રોજગાર પ્રશ્ને નિષ્ક્રિય

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગ સચિવાલય,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક. ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ.૧, તા.૧૪/૦૮/૨૦૧૪ અને સામાન્ય વહીવટી વિભાગ ના તા.૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવ અંગે ના ઠરાવોથી અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિઓની ભરતી ઉપર રોક લાગેલ હોય જેથી ઉપરોક્ત બંને ઠરાવો રદ કરાવાની ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસ રજીસ્ટર ટ્રેડ યુનિયનના પ્રદેશ પ્રમુખ ભાઈલાલ બી. વૈષ્ણવ, ઉપપ્રમુખ છગનલાલ ડી. મેવાડા, મહામંત્રી સૈયદભાઈ શેખ,મહામંત્રી કાંતિભાઈ સોલંકી,સુરત શહેર શાખા ના કાર્યકારી પ્રમુખ હસમુખભાઈ પટેલ વિગેરેએ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ને લેખિત રજૂઆત કરી સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ અનુસાર ડ્રાઈવર તેમજ વર્ગ-૪ ની પટાવાળા, પટાવાળા -કર્મ-ડ્રાયવર, પ્યુન કમ એટેન્ડન્ટ, માળી, ધોબી, ચોકીદાર, પ્યુન કમ ચોકીદાર, સ્વીપર, લીફ્ટમેન, લીફ્ટ એટેન્ડન્ટ, સફાઈ કામદાર, વોર્ડબોય, ડ્રેસર, આયા, કલીનર, ઓપરેશન થીયેટર એટેન્ડન્ટ, સ્ટ્રેચર બેરર, વોટરબેરર, હેલ્પર, મુકાદમ, રસોઈયા, મદદનીશ રસોઈયા, હમાલ, નાયક, હવાલદાર જેવી જગ્યાઓ ભરવા ઉપર રોક લગાવી આવી જગ્યાઓ આઉટ સોર્સિસથી ભરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.અને આમ કરી ગુજરાત રાજ્યમાં વર્ગ-૪ની જગ્યાઓ ની ભરતી કરવા ઉપર પ્રતિબંધ મૂકેલો છે. જેના કારણે રાજય સરકારમાં ઉપરોક્ત કેડરની જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. જેના કારણે આ જગ્યાની નોકરી માટે અપેક્ષા રાખતા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના યુવાનોમાં બેરોજગારીનું પ્રમાણ વધી રહેલ છે. કારણકે મોટા ભાગે આ જગ્યાઓમાં અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિઓ ના જ યુવાનો કામગીરી કરતા હોય છે. રાજય સરકારમાં લાખોની સંખ્યામાં આવી જગ્યાઓ ખાલી છે. જેથી રાજયમાં અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના યુવાનોમાં બેરોજગારીનું પ્રમાણ વધતું જ જાય છે. આ સંજોગોમાં ઉપરોક્ત બંને ઠરાવો રદ કરવા ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસે માંગણી કરેલ છે.

ગુજરાત રાજયના અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ ના ધારાસભ્યો અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ ની બેઠકો ઉપર ચૂંટાયા પછી જે સમાજની બેઠકો ઉપર ધારાસભ્યો બને છે તે સમાજના યુવાન-યુવતીઓના બેરોજગારી માટે કોઈ કામગીરી કરતાં નથી. ગુજરાત રાજય સરકારમાં વર્ગ-૪ ની મોટી સંખ્યામાં જગ્યાઓ ખાલી છે અને આ જગ્યાઓની ભરતી ઉપર વર્ષ ૨૦૧૦ થી બાન મૂકવામાં આવેલ છે તેમ છતાં અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના વર્ષોથી ચૂંટાતા ધારાસભ્યો કુંભકર્ણની નિન્દ્રામાં સૂઈ રહ્યા છે. જેથી આ યુનિયન ધ્વારા માનનીય વડાપ્રધાન સાહેબનું ધ્યાન દોરવામાં આવેલ છે.

શ્રેષ્ઠ લેખિકાનો એવોર્ડ મેળવનાર શિક્ષક

ગુજરાત વિશ્વકોષ ભવન ખાતે તા ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ગુજરાત રાજ્યની બાલ સાહિત્ય અકાદમીનું વાર્ષિક અધિવેશન યોજાઈ ગયું. તેમાં વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં પ્રકાશિત થયેલ બાલ સાહિત્યના પુસ્તકોમાંથી શ્રેષ્ઠ પુસ્તક પસંદ કરીને તેના લેખકોને એવોર્ડ આપવામાં આવ્યાં. જેમાં અર્વાચીન બાલસાહિત્યકાર તરીકે નામના મેળવનાર શ્રી નિકેતાબેન વ્યાસને તેમના હાસ્ય બાળવાર્તાઓના પુસ્તક 'ગંગુના પરાકમો' માટે કુસુમબેન ભુપેન્દ્રભાઈ દવે શ્રેષ્ઠ લેખિકા એવોર્ડથી શિલ્ડ અને રોકડ પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવ્યાં છે.

ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ અને સમગ્ર શિક્ષા અભિયાન સાથે લેખક અને સમીક્ષક તરીકે કાર્યરત શ્રી નિકેતાબેન વ્યાસે ગુજરાતી શીખો ભાગ ૧, ગુજરાતી શીખો ભાગ ૨, ચિત્રવાર્તા શ્રેણી ભાગ ૧ થી ૧૦, સચિત્ર પ્રજ્ઞા વાંચનમાળા – તેમની અનોખી પદ્ધતિ દ્વારા ગુજરાતી શીખવવા માટેના શૈક્ષિણક પુસ્તકો બાળ સાહિત્યને આપ્યા છે. એ સિવાય તેમણે ગંગુના પરાકમો (હાસ્ય બાળવાર્તા), ચીકુ અને સાત જાદુગરણી (કિશોર સાહસકથા), સુગંધવાળી વીંટી(બાળવાર્તા), બિલ્લીનો ફોટો છપાયો ખોટો(બાળવાર્તા), બકાના ગતકડાં(હાસ્ય વ્યંગ કથા), નેશનલ હાઈવે(સસ્પેન્સ થ્રીલર નવલકથા) જેવા પુસ્તકો દ્વારા માતૃભાષાના પ્રચાર પ્રસારમાં અનોખું યોગદાન આપ્યું છે. ફૂલવાડી, બાલ સૃષ્ટિ, બાલ વર્લ્ડ, બાળ ભાસ્કર, ઝગમગ વગેરે અનેક બાળ સામયિકોમાં તેમની કૃતિઓ નિયમિત પ્રકાશિત થાય છે.

તેમના સાહિત્યિક પ્રદાન માટે તા ૫ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ગુજરાત રાજ્યના માનનીય શિક્ષણમંત્રીશ્રી રીવાબા જાડેજાના હાથે સાહિત્ય સાધના એવોર્ડથી સન્માનિત શ્રી નિકેતાબેન વ્યાસ હાલમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદની એલીસબ્રીજ શાળા નંબર ૩૦માં શિક્ષક તરીકે ફરજ બજાવી રહ્યા છે.

UCC બિલ દ્વારા સરકાર લઘુમતીઓને ટાર્ગેટ કરી ચૂંટણીમાં હિન્દુ-મુસ્લિમ કરવા માંગે છે: ચૈતર વસાવા

AAP ધારાસભ્ય ચૈતર વસાવા દ્વારા UCC બિલનો વિરોધ

અમદાવાદ/ભરૂચ/નર્મદા

આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ વિધાનસભા ખાતે આજે મીડિયા સમક્ષ પોતાની વાત રજુ કરતા જણાવ્યું હતું કે, આજે સરકાર દ્વારા સમાન નાગરિક સંહિતા બિલ લઈને આવવામાં આવી રહ્યું છે, ત્યારે અગાઉની જેમ અમે આજે પણ આ બિલનો વિરોધ કરીએ છીએ. આ બિલમાંથી આદિવાસી સમાજની બાદબાકી કરવામાં આવી છે, એવું અમને જણાવવામાં આવ્યું છે, તેમ છતાં પણ અમને ભીતિ છે કે હાલમાં ચૂંટણી છે માટે આદિવાસી સમાજને સમાવવામાં આવ્યો નથી પરંતુ આવનાર દિવસોમાં ચોક્કસ સુધારાના ભાગરૂપે આદિવાસી સમાજનો સમાવેશ કરવામાં આવશે. આજથી એક વર્ષ પહેલા સમાન નાગરિક સંહિતાની કમિટી જ્યારે જિલ્લા કક્ષાએ સામાજિક, રાજકીય ધાર્મિક સહિત તમામ પ્રકારના આગેવાનોના અભિપ્રાય લેવા માટે આવી હતી ત્યારે ગુજરાતમાં ૮૦% લોકોએ આનો વિરોધ નોંધાવ્યો છે. માટે અમારું માનવું છે કે લોકમતના વિરુદ્ધમાં જઈને આ બિલ લાવવામાં આવી રહ્યું છે માટે અમે આ બિલનો વિરોધ કરીએ છીએ.

ધારાસભ્ય ચૈતર વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે, અમે સરકારને પૂછવા માંગીએ છીએ કે શું આ બિલ લાવવાથી સામાજિક સમરસતા થઈ જશે? શું આ બિલ લાવવાથી રાષ્ટ્રીય ભાવના મજબૂત બનશે? તો હકીકતમાં સરકાર પાસે આ સવાલોના જવાબ નથી. સરકાર ફક્ત લઘુમતી સમુદાયોને ટાર્ગેટ કરીને આવનારી ચૂંટણીઓમાં હિન્દુ-મુસ્લિમ કરવા માટે આ બિલ લાવી રહી હશે, એવું અમને લાગી રહ્યું છે. આ દેશનું બંધારણ બન્યું તો એમાં બાળ લગ્ન ધારા છે, હિન્દુ મેરેજ એક્ટ છે, વારસાઈ ધારો છે અને દત્તક ધારો પણ છે તો પછી સમાન નાગરિક સંહિતા લાવવાની જરૂરત શું પડી? આપણા દેશમાં વિવિધતામાં એકતા એ જ આપણી ઓળખ છે અને બંધારણ તમામ જાતિ જ્ઞાતિ, બધા લોકોના પોતાના વ્યક્તિગત કાયદા, સામાજિક કાયદાને બંધારણે પ્રાવધાન આપ્યું છે, મૂળભૂત અધિકારોમાં પણ પ્રાવધાન આપ્યું છે. તો આ સમાન નાગરિક ધારો લાવવાથી ચોક્કસ જ્ઞાતિઓને ટાર્ગેટ કરવામાં આવશે અને લોકોને લગ્ન નોંધણીના નામે, લીવ-ઈન રિલેશનશિપની નોંધણીના નામે અને છૂટાછેડા માટે કોર્ટમાં લાઈનો લગાડવી પડશે.

બુથ સ્તર સુધીની સક્રિયતા જ ભાજપની અજેય શકિતનું રહસ્ય: જગદીશ વિશ્વકર્મા

કોઈપણ પ્રકારની અફવાઓથી દુર રહેવા તેમજ ગેરમાર્ગે ન દોરવા નાગરીકોને અપીલ કરતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં આગામી સમયમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ આવી રહી છે. તે અગાઉ જ પ્રદેશ ભાજપ પ્રમુખ તરીકે જગદીશ વિશ્વકર્માએ ચાર્જ સંભાળ્યા બાદ પ્રથમ નવરચિત કારોબારીની બેઠકમાં પ્રદેશ પ્રમુખે પક્ષના સંગઠનની ક્ષમતા અને ભવિષ્ય અંગે વિશ્વાસ વ્યકત કરતા જણાવ્યુ હતુ કે ભાજપની ખરી તાકાત તેના બુથ સ્તર સુધીના કાર્યકર્તાની છે અને આપણે તે તાકાતને આધારે આજે દુનિયાના સૌથી મોટા રાજકીય પક્ષ અને કેન્દ્ર થી લઈ દેશમાં ૨૧ રાજયોમાં શાસન પર છીએ. પરંતુ શાસન નહી લોકસેવા એ આપણો ધ્યેય છે.

કોબા સ્થિત ભાજપ કાર્યાલય કમલમ ખાતે પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માની અધ્યક્ષતામાં પ્રદેશ કારોબારી બેઠક યોજાઈ હતી. આ

બેઠકમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી તથા પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી ઉપસ્થિત રહ્યા હતા. બેઠકની શરૂઆતમાં શહીદ દિવસ નિમિત્તે ક્રાંતિવીર ભગતસિંહ ,રાજગુરૂ અને સુખદેવ ને શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. સાથે જ દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય લોકશાહીના ઈતિહાસમાં સૌથી લાંબા સમય સુધી વડાપ્રધાન તરીકે સેવા આપી નવો કિર્તિમાન સ્થાપ્યો તે બદલ અભિનંદન પાઠવાયા હતા. પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ પોતાના ઉદબોધનમાં જણાવ્યુ હતુ કે ૬ એપ્રિલ ૧૯૮૦ ના રોજ સ્થાપિત ભારતીય જનતા પાર્ટી આજે એક વટવૃક્ષ સમાન બની ગઈ છે. રાષ્ટ્ર પ્રથમની ભાવના સાથે કાર્યરત આ સંગઠન માત્ર એક રાજકીય પાર્ટી નહી પરંતુ એક વિચારધારા છે. ડો. શ્યામાપ્રસાદ મુખરજી અને પંડીત દિનદયાલ ઉપાધ્યાયના વિચારોને આધારે પાર્ટી છેવાડાના માનવી સુધી જન કલ્યાણ પહોચાડવા કટીબધ્ધ છે. વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે ભાજપનુ લક્ષ એવા લોકશાહી રાજયની રચના કરવાનો છે. જેમાં જાતિ, ધર્મ કે લીંગ ના ભેદભાવ વિના દરેક નાગરીકને ન્યાય અને સમાન તક મળે, સંગઠન ભાજપનો આત્મા છે અને કાર્યકર્તા તેની શકિત છે. બુથ સ્તર સુધીની મજબુત રચના ભાજપની અજેય શકિતનુ રહસ્ય છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પોતાના સંબોધનમાં જણાવ્યુ હતુ કે વૈશ્વિક અસ્થિરતાની પરિસ્થિતિ વચ્ચે પણ ભારત સતત પ્રગતિ કરી રહ્યુ છે. વિદેશમાં રહેલા હજારો ભારતીયોને સુરક્ષિત પરત લાવવાની કામગીરી દેશની ક્ષમતા નુ પ્રતિબિંબ છે. તેમણે નાગરીકોને પેટ્રોલ-ડીઝલ અંગેની અફવાઓથી દુર રહેવા અપીલ કરી હતી. નાયબ મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યુ હતુ કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજયને દેશમાં અને દેશને વિશ્વમાં અગ્રીમ હરોળમાં મુકવાનુ કામ કર્યુ છે. તેઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જનહિતમાં કરેલા નિર્ણયોને જન જન સુધી પહોચાડવા ઉપસ્થિત સૌને અપીલ કરી હતી. સંગઠન મહામંત્રી રત્નાકરજીએ આગામી કાર્યક્રમોની રૂપરેખા રજુ કરતા જણાવ્યુ હતુ કે ૨૯ એપ્રિલે મન કી બાત ટીફીન કે સાથ કાર્યક્રમ યોજાશે. ૫ એપ્રિલે ઘર ઘર મહાસંપર્ક અભિયાન તથા ૬ એપ્રિલે ભાજપના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવશે, યુવા મોરચા દ્વારા વરીષ્ઠ પદાધિકારીઓના નિવાસસ્થાને ધ્વજારોહણ કરવામાં આવશે.

ગાંધીનગરમાં ગોળીબાર: ગ-૨ સર્કલ પાસે ફાયરીંગથી પાટનગર ધ્રુજયું: યુવાનને પેટમાં વાગી ગોળી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

રાજયના પાટનગર ગાંધીનગરમાં ગઈ કાલે મોડી રાત્રે કાયદો અને વ્યવસ્થાના ધજીયા ઉડતી ઘટના બહાર આવી હતી. શહેરના અત્યંત વ્યસ્ત અને હંમેશા ધમધમતા એવા સેકટર-૫ પાસે અને ગ-૨ રોડ પર રાત્રીના ૧૦ થી ૧૦:૩૦ વાગ્યાના અરસામાં જાહેર માર્ગ પર જ ફાયરીંગની ઘટના બનતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. મળતી માહિતી મુજબ અંગત અદાવત અને નાણાંકીય લેતી દેતીના મામલે આ ખાનગી ગોળીબાર થયો હોવાનુ જાણવા મળી રહ્યુ છે. હુમલાખોરોએ કરેલા ફાયરીંગમાં એક યુવાનને પેટના ભાગે ગોળી વાગતા તે લોહીલુહાણ હાલતમાં રસ્તા પર ઢળી પડયો હતો. ઘટનાની જાણ થતા જ આજુબાજુના લોકોમાં ફફડાટ

વ્યાપી ઉઠયો હતો અને તાત્કાલીક ઈજાગ્રસ્ત યુવાનને સારવાર અર્થે સીવીલ હોસ્પીટલ ખસેડવામાં આવ્યો હતો. જયાં તેની હાલત અત્યંત ગંભીર હોવાનુ જણાવાઈ રહ્યુ છે. ઘટનાની ગંભીરતાને જોતા ગાંધીનગર જિલ્લા પોલીસવડા સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો તાબડતોબ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો હતો અને ફોરેન્સિક પુરાવા એકઠા કરવાની કામગીરી હાથ ધરી હતી. પાટનગરના મુખ્ય માર્ગ પર રાત્રીના સમયે થયેલા આ હુમલાએ પોલીસ તંત્રની પેટ્રોલીંગ સામે અનેક સવાલો ઉભા કર્યા છે.

પાટણમાં યુથ કોંગ્રેસ દ્વારા મોંઘવારી સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું : ૮ કાર્યકરોની કરાઈ અટકાયત

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

પાટણના બગવાડા દરવાજા વિસ્તારમાં જિલ્લા યુથ કોંગ્રેસ દ્વારા રાંધણ ગેસના વધતા ભાવ, બાટલાની અછત અને મોંઘવારી સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતું. સામાન્ય જનતા પર વધતા આર્થિક બોજ ને લઈ કાર્યકરો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને સરકાર વિરૂધ્ધ સુત્રોચ્ચાર પોકાર્યા હતા. પ્રદર્શન દરમિયાન કાર્યકરોએ ચક્કાજામ કરવાનો પ્રયાસ કરતા વાહનવ્યવહાર ખોરવાયો હતો. પરીસ્થિતિને કાબુમાં લેવા પોલીસે દરમિયાનગીરી કરી ૮ કાર્યકરોની અટકાયત કરી પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા.

આ પ્રસંગે જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ કરણ પરમાર, પ્રભારી પ્રતાપસિહ રાજપુત અને શહેર પ્રમુખ દિપકભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

ગુજરાતમાં યુસીસી અમલ સાથે બદલાશે સામાજિક વ્યવસ્થા: લીવ-ઈન રીલેશનશીપનું પણ કરાવવુ પડશે રજીસ્ટ્રેશન

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના ઈતિહાસમાં આજે મંગળવારે એક ઐતિહાસિક દિવસ નોંધાયો હતો. રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગુજરાત વિધાનસભા ગૃહમાં સમાન નાગરીક સંહિતા એટલે કે યુસીસી બીલ રજુ કર્યુ હતું. બીલ રજુ થતા ની સાથે જ સમગ્ર ગૃહ જય શ્રી રામ અને ભારત માતા કી જય ના નારાઓથી ગુંજી ઉઠયુ હતું. હર્ષ સંઘવી સહિતના મંત્રીઓએ આ ક્ષણને વધાવી લીધી હતી.

ગૃહને સંબોધતા મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે આઝાદી બાદ રજવાડા એક થયા હતા. હવે કાયદા એક થશે, તેમણે સ્પષ્ટ કહ્યુ કે યુસીસી કોઈ ધર્મ કે વ્યકિત વિશેષ વિરૂધ્ધ નથી, પરંતુ સૌને સમાન ગણવા માટેનું કદમ છે. વિકસિત ગુજરાત માટે આ કાયદો અનિવાર્ય છે. ઉત્તરાખંડ બાદ ગુજરાત આ નિર્ણય લેનારૂ દેશનુ બીજુ રાજય બન્યું છે. જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજ અને અન્ય સંતોએ પણ ગૃહમાં હાજર રહી આ બીલને સમર્થન આપ્યુ હતું. ભારતીય બંધારણના માર્ગદર્શક સિધ્ધાંતો અંતર્ગત કલમ-૪૪ હેઠળ યુનિફોર્મ સીવીલ કોડ એટલે કે સમાન નાગરીક સંહિતાની જોગવાઈ કરવામાં આવી છે. આ કાયદાનો મુખ્ય ઉદેશ તમામ ધર્મો અને સમુદાયો માટે કાયદો સમાન બનાવવાનો છે. સૌથી મહત્વની વાત એ છે કે આ કાયદાથી કોઈપણ ધર્મની ધાર્મિક વિધિઓ કે પરંપરાઓમાં કોઈ હસ્તક્ષેપ કરવામાં આવશે નહી, પરંતુ કાયદાકીય પ્રક્રિયાઓ સૌ માટે એક સરખી રહેશે, નવા નિયમો મુજબ હવે લગ્ન નોંધણી ફરજીયાત બનાવવામાં આવી છે. લગ્ન થયાના ૬૦ દિવસમાં તેની નોંધણી કરાવવી અનિવાર્ય રહેશે.

જો કોઈ આ નિયમનું ઉલ્લંઘન કરે તો ૧૦ હજાર રૂપીયા સુધીના દંડની જોગવાઈ છે. આ ઉપરાંત બળજબરી કે છેતરપીંડી થી કરાયેલા લગ્નના કિસ્સામાં ૭ વરસની સજાની જોગવાઈ છે. બહુપત્નીત્વ પ્રથા પર રોક લગાવતા એક થી વધુ લગ્ન કરનાર વ્યકિતને પણ ૭ વરસની જેલ થઈ શકે છે.

નવા કાયદા મુજબ હવે ગુજરાતમાં લગ્નનું રજીસ્ટ્રેશન ફરજીયાત બનશે, લગ્ન થયાના ૬૦ દિવસમાં નોંધણી કરાવવી પડશે. અન્યથા રૂપીયા ૧૦ હજાર સુધીનો દંડ થઈ શકે છે. સૌથી મહત્વની



જોગવાઈ લીવ ઈન રીલેશનશીપ અંગે છે. હવે લીવ ઈન માં રહેતા યુગલોએ પણ નોંધણી કરાવવી પડશે. જો ૧૮ થી ૨૧ વર્ષની વયના યુવાનો લીવ ઈન માં હશે તો તેમના માતા પિતા ને જાણ કરવામાં આવશે. નોંધણી વગર લીવ ઈન માં રહેનાર ને ૩ મહિનાની કેદ કે દંડ ની સજા થઈ શકે છે.

યુસીસી બીલ માં મહિલાઓના અધિકારો પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. છુટાછેડા બાબતે પણ મોટા ફેરફારો સુચવાયા છે. હવે કોર્ટની બહાર અપાતા છુટાછેડા અમાન્ય ગણાશે અને જો કોઈ આવુ કરે તો તેને ૩ વરસની સજા થઈ શકે છે. એક થી વધુ લગ્ન કરનાર કે છેતરપીંડી થી લગ્ન કરનારને ૭ વરસ સુધીની સજાની જોગવાઈ છે. તમામ સમુદાયો માટે છુટાછેડાની પધ્ધતિ સમાન રહેશે. અને સ્ત્રીઓને કોઈપણ શરત વિના પુનઃ લગ્નો નો અધિકાર આપવામાં આવ્યો છે. મહિલા સશકિતકરણ ની દિશામાં આ કાયદો ખુબ મહત્વનો સાબિત થશે. ભરણપોષણ માટે સમાન જોગવાઈ હોવાથી મહિલાઓને વિશેષ સુરક્ષા મળશે. સંપત્તિ અને વારસામાં પણ હવે પુત્ર અને પુત્રીને સમાન અધિકાર પ્રાપ્ત થશે. જે સામાજિક સમાનતા સ્થાપિત કરશે, આ કાયદાની સૌથી ચર્ચિત જોગવાઈ લીવ ઈન સંબંધોની નોંધણી છે. હવે લીવ ઈન રીલેશનશીપ માં રહેતા યુગલોએ નોંધણી કરાવવી ફરજીયાત છે. જો નોંધણી નહી કરાવવામાં આવે તો ૩ મહિનાની કેદ અને ૧૦ હજાર રૂપીયાનો દંડ થઈ શકે છે. જો ભાગીદારોની ઉંમર ૧૮ થી ૨૧ વરસની વચ્ચે હશે તો સત્તાધિકારીઓ દ્વારા તેમના માતા પિતાને જાણ કરવામાં આવશે. સગીર સાથે લીવ ઈન સંબંધ રાખનાર વિરૂધ્ધ પોકસો એકટ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. લીવ ઈન દરમિયાન જન્મેલા બાળકોને પણ કાયદેસરના સંતાન તરીકે તમામ હક્કો અને રક્ષણ મળશે. તો બીજી તરફ કોંગ્રેસ નેતા અમિત ચાવડાએ સરકાર પર પ્રહારો કરતા કહ્યુ હતુ કે ચુંટણી નજીક આવતા ભાજપને યુસીસી યાદ આવ્યુ છે. તેમણે આક્ષેપ કર્યો કે આ બીલ માં તમામ વર્ગોનુ પ્રતિનિધિત્વ નથી અને રીપોર્ટ સાર્વજનિક કર્યા વગર જ ઉતાવળે બીલ લાવવામાં આવ્યુ છે.

મેડા આદરજમાં પૂર્વ પ્રેમીની હેવાનિયત

યુવતીના ફોટા વાયરલ કરી બે વાર સગાઈ તોડાવી

આ મામલે બાવલુ પોલીસ મથકે આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના મેડા આદરજ ગામમાં એક યુવતીને તેનો પૂર્વ પ્રેમ સંબંધ ભારે પડ્યો છે.

યુવતીના પૂર્વ પ્રેમીએ બદલો લેવાની ભાવનાથી યુવતીના ખાનગી ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ કર્યા હોવાની અને તેની બે વખત સગાઈ તોડાવી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ મામલે બાવલુ પોલીસ મથકે આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે.

મેડા આદરજની યુવતી સાથે પૂર્વમાં સંબંધ ધરાવતા આરોપી અક્ષર મલેકે યુવતીનું જીવન નર્ક બનાવવામાં કોઈ કસર છોડી નથી. આરોપીએ યુવતીના નામે ઈન્સ્ટાગ્રામ પર એક ખોટું એકાઉન્ટ બનાવ્યું હતું અને તેના પર યુવતીના જૂના ફોટા વાયરલ કર્યા હતા. આટલું જ નહીં, જ્યારે પણ યુવતીની સગાઈ ક્યાંક નક્કી થતી, ત્યારે આરોપી સક્રિય થઈ જતો હતો.પ્રાપ્ત વિગતો અનુસાર, યુવતીની નાગલપુર અને નંદાસણ ખાતે બે અલગ-અલગ જગ્યાએ સગાઈ નક્કી થઈ હતી. જોકે, આરોપી અક્ષર મલેકે બંને ઠેકાણે સાસરિયાઓને યુવતીના જૂના ફોટા મોકલીને બદનામ કરી હતી, જેના કારણે યુવતીની સગાઈઓ તૂટી ગઈ હતી. જ્યારે યુવતીનો પરિવાર આ બાબતે આરોપીને ઠપકો આપવા ગયો, ત્યારે તેણે પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

વારંવારની હેરાનગતિથી કંટાળીને અંતે યુવતીએ હિંમત દાખવી બાવલુ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.